…ામડાંની વહારે

૩૦૦ સામા૭
૨૯૧

ફાર્બસ ગુજરાતી સભા

ગાંધીજી

For Favour of Review

# ગામડાંની વહારે

મોહનદાસ કરમચંદ ગાંધી

૧૨૦૫

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

૧૫૮૯

પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન કાર્યાલય, અમદાવાદ

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦
બીજી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦
પુનર્મુદ્રણ, પ્રત ૫,૦૦૦
જાન્યુઆરી, ૧૯૪૪

મુદ્રક
શાહ મણિલાલ છગનલાલ
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ

બે આના

# ગામડાંની વહારે

ગામડાંનો સવાલ દહાડે દહાડે વિરાટ અને વિકરાળ થતો જાય છે. હવે તો એના પર સારું નરસું સાહિત્ય પણ ખૂબ વધવા લાગ્યું છે. તાત્ત્વિક ચર્ચા અને વિધ વિધ સૂચનાઓ પણ વધતી જાય છે. રશિયામાં ગામડાંની પુનર્ઘટના શરૂ થઈ છે, અને એનાં વિસ્તૃત અને ઉત્સાહભર્યાં વર્ણનો અંગ્રેજીમાં મળવા લાગ્યાં છે. જે સાહિત્યમાં વિગતવાર વિચારો પૂરા પાડવામાં આવે છે તે સાહિત્ય ભણેલાઓને આકર્ષક નીવડે તો એમાં આશ્ચર્ય નથી. જાતે વિચાર કર્યા વગર અથવા પ્રયોગ કર્યા વગર આગ્રહપૂર્વક વિવેચન કે સૂચના કરવાનો એ એક જ માર્ગ છે.

ગરીબ પ્રજાને નિચોવીને જ નિતારી કાઢેલાં હોય છે. તેમને ગમ નથી કે બ્રિટિશ હિંદમાં કાયદાથી સ્થપાયેલી સરકાર એ ગરીબ આમપ્રજાને આ રીતે ચૂસવાની ખાતર જ ચલાવવામાં આવે છે. આજે હિંદનાં ગામડાંઓ પોતાનાં બોલતાંચાલતાં હાડપિંજરોથી નરી આંખને પણ જે પુરાવો આપી રહેલ છે તેને ચાહે તેવા વિતંડાવાદથી કે આંકડા-અહેવાલોનાં ચાહે તેવાં માયાવી કોષ્ટકોથી ઉડાવી શકાય તેમ નથી. મારા મનને તો છાંટાભાર શક નથી કે ઇશ્વર જેવો કોઈ માલિક જો દુનિયાને માથે હોય તો તેના દરબારમાં ઇંગ્લંડને તેમ જ હિંદુસ્તાનના આ બધા શહેરોમાં વસનારાઓને બેઉને આ ગુનાને માટે — ઇતિહાસમાં કદાચ જેની જોડ ન મળી શકે એવા આ માનવજાતિ સામેના ગુનાને માટે જવાબ દેવો પડશે.

—ગાંધીજી

(૧૯૨૨માં અદાલત સમક્ષ રજૂ કરેલા એકરારમાંથી)

૧

# ગ્રામકેળવણી

આ પૂર્તિની મારફત કાકાસાહેબ અનેક અર્થ સારવા માગે છે. તેમાંનો એક એ છે કે ભણતરની જે વય સામાન્ય રીતે માનવામાં આવે છે તે વટાવી ગયેલાં, ગૃહસ્થાશ્રમમાં રહેતાં, કામધંધે વળગેલાં, મહાગુજરાતનાં દસેક હજાર ગામડાંનાં સ્ત્રીપુરુષોને પણ જે કંઈ શક્ય હોય તે કેળવણી મળે. આવી કેળવણીનો અર્થ ઉદાર કરવો જોઈએ. એ અક્ષરજ્ઞાનથી પર છે. ગ્રામવાસીઓને આજની દૃષ્ટિએ વ્યવહારુ જ્ઞાન ઘણી દિશામાં હોતું નથી; અને ઘણી વાર તેને બદલે અજ્ઞાનમય વહેમો તેમના પર સામ્રાજ્ય ભોગવતા હોય છે. તેમના આ વહેમો દૂર થાય અને તેમને ઉપયોગી જ્ઞાન મળે એ હેતુ કંઈક અંશે આ પૂર્તિ દ્વારા કાકાસાહેબ સારવા ઇચ્છે છે.

આરોગ્યની દૃષ્ટિએ ગામડાંની સ્થિતિ ઘણી દયાજનક છે. આરોગ્યના આવશ્યક અને સહેલાઈથી મળી શકે એવા જ્ઞાનનો અભાવ એ આપણી કંગાલિયતનું એક સબળ કારણ છે. જો ગામડાંઓનું આરોગ્ય સુધારી શકાય તો સહેજે લાખો રૂપિયા બચી શકે ને તેટલે અંશે લોકોની સ્થિતિ સુધરે. આરોગ્યવાન ખેડૂત જેટલું કામ કરી શકે તેટલું રોગી કદી નહિ કરી શકે. આપણું મરણનું પ્રમાણ સામાન્ય કરતાં વધારે છે એથી થોડું નુકસાન નથી થતું.

એમ કહેવાય છે કે આરોગ્ય વિષેની આપણી સ્થિતિ દયાજનક છે તેનું કારણ આપણી આર્થિક દીનતા છે, અને જો એ દૂર થાય તો આરોગ્ય એની મેળે સુધરે. સરકારને ગાળો દેવા ખાતર અથવા બધા દોષો તેની ઉપર ઢોળવાને સારુ આમ ભલે કહેવાઓ, પણ ઉપરના વચનમાં અર્ધથી પણ ઓછું સત્ય છે. મારો અનુભવસિદ્ધ અભિપ્રાય છે કે આપણા આરોગ્યમાં આપણી કંગાલ સ્થિતિ ઓછો ભાગ ભજવે છે. કેટલો ને ક્યાં ભજવે છે એ હું જાણું છું. એમાં હું અહીં ઊતરવા નથી ઇચ્છતો.

આ લેખમાળાનો ઉદ્દેશ એ છે કે આપણા દોષોથી થયેલા અને સહેજે યત્કિંચિત્ ખર્ચે કે ખર્ચ

વિના દૂર થઈ શકે એવા રોગોનું નિવારણ કરવાનાં સાધનો અને માર્ગો બતાવવાં.

આ દૃષ્ટિએ આપણે આપણાં ગામડાંની સ્થિતિ તપાસીએ. આપણાં ઘણાં ગામડાં ઉકરડા જેવાં જોવામાં આવે છે. તેમાં જ્યાંત્યાં લોકો મળત્યાગ કરે છે. ઘરનાં આંગણાંને પણ છોડતા નથી. જ્યાં મળત્યાગ થાય છે ત્યાં તેને ઢાંકવાની કોઈ કાળજી રાખતું નથી. ગામડાંમાં ક્યાંયે રસ્તા સારા રાખવામાં નથી આવતા, ને ધૂળના ઢગલા જ્યાંત્યાં જોવામાં આવે છે. આમાં આપણા બળદોને અને આપણને ચાલવાનું પણ મુશ્કેલ થઈ પડે છે. પાણીનાં તળાવ હોય છે તો તેમાં વાસણ સાફ થાય છે; તેમાં ઢોર પીએ છે, નહાય છે, અને પડી રહે છે; તેમાં બાળકો અને મોટેરાં પણ મળ સાફ કરે છે; તેની નજીકની જમીન ઉપર તો તેઓ મળત્યાગ કરે છે. આ જ પાણી પીવારાંધવા સારુ વાપરવામાં આવે છે.

મકાનો બાંધવામાં કોઈ પણ જાતનો નિયમ જાળવવામાં આવતો નથી. મકાનો બાંધવામાં નથી પડોશીની સગવડનો વિચાર કરવામાં આવતો, નથી રહેનારને હવાઅજવાળું મળશે કે નહિ તેનો ખ્યાલ કરવામાં આવતો.

ગ્રામવાસીઓની વચ્ચે સહકારનો અભાવ હોવાથી પોતાના આરોગ્યને સારુ આવશ્યક વસ્તુઓ પણ તેઓ ઉગાડતા નથી. ગ્રામવાસીઓ પોતાની પાસે ફાજલ રહેતા સમયનો સદુપયોગ કરતા નથી, અથવા તેમને કરતાં આવડતો નથી, તેથી તેમની શારીરિક અને માનસિક શક્તિ ક્ષીણ થાય છે.

આરોગ્યના સામાન્ય જ્ઞાનને અભાવે રોગ આવે ત્યારે ગ્રામવાસીઓ સાદા ઘરગથુ ઉપાયો યોજવાને બદલે ઘણી વેળા ભૂવા વગેરેને ધુણાવે છે, અથવા, મંતરજંતરની જાળમાં ફસાઈ ખુવાર થાય છે; પૈસા ખર્ચે છે ને બદલામાં રોગની વૃદ્ધિ કરે છે.

આ બધાં કારણો અને તેને અંગે શું થઈ શકે તે આપણે આ લેખમાળામાં તપાસીશું.

## ૨

# ગામડું એટલે ઉકરડો ?

મિ. કર્ટિસ જે સન ૧૯૧૮ની સાલમાં હિંદુસ્તાનમાં મુસાફરી કરતા હતા અને જેમનો થોડોઘણો હાથ મોંટેગ્યુચેમ્સફર્ડ સુધારામાં હતો તેમણે આપણાં ગામડાં વિષે લખતાં કહ્યું છે: 'બીજા દેશોનાં ગામડાંની સાથે હિંદુસ્તાનનાં ગામડાંનો મુકાબલો કરતાં મને એમ લાગ્યું કે હિંદુસ્તાનનાં ગામડાં કેમ જાણે ઉકરડા ઉપર બંધાયાં ન હોય !' આ ટીકા આપણને ન ગમે એ સમજી શકાય એમ છે, પણ એમાં તથ્ય નથી એમ કોઈ નહિ કહી શકે. ગમે તે ગામડાની પાસે જઈશું તો તેનો ઉકરડો સૌથી પહેલો આપણી નજરે પડશે, અને તે ઉકરડો ઘણેભાગે ઊંચી જમીનમાં હશે. ગામડાની અંદર પ્રવેશ કરીશું તો ઉપરના દેખાવમાં ને અંદરની સ્થિતિમાં બહુ ભેદ જોવામાં નહિ આવે. ત્યાં પણ રસ્તામાં ગંદકી હશે. ગમે ત્યારે બાળકો તો રસ્તાઓ અને શેરીઓમાં મળત્યાગ કરતાં જ હશે. લઘુશંકા તો મોટેરાં પણ ગમે ત્યાં

કરતાં હશે. અજાણ્યો મુસાફર આ સ્થિતિ જુએ તો ઉકરડા વચ્ચે અને ગામડાની વસ્તીના ભાગ વચ્ચે ભેદ નહિ કાઢી શકે. ખરું જોતાં મોટો ભેદ છે જ નહિ.

આ ટેવ ગમે તેટલી પ્રાચીન હોય છતાં તે કુટેવ છે, અને તે કાઢવી જોઈએ. મનુસ્મૃતિ આદિ હિંદુ ધર્મશાસ્ત્રોમાં કુરાને શરીફમાં, બાઇબલમાં, જરથુસ્ત્રનાં ફરમાનોમાં રસ્તા, આગણાં, ઘર, નદીનાળાં, કૂવા ન બગાડવા વિષે સૂક્ષ્મ સૂચનાઓ છે. પણ આપણે અત્યારે તો તેનો અનાદર જ કરીએ છીએ. તે એટલે સુધી કે તીર્થક્ષેત્રોમાં પણ ગંદકી સારી પેઠે હોય છે. તીર્થક્ષેત્રોમાં વધારે હોય છે એમ કહેવામાંયે કદાચ અતિશયોક્તિ નહિ હોય.

હરિદ્વારમાં ગંગાના તટને બગાડતાં હજારો સ્ત્રીપુરુષોને મેં ભાળ્યાં છે. જ્યાં માણસોને બેસવાનું હોય ત્યાં જ યાત્રાળુઓ મળત્યાગ કરે, પોતાનાં મોઢાં વગેરે ગંગામાં ધુએ, ને પાછાં ત્યાં જ પાણી ભરે. તીર્થક્ષેત્રોમાં તળાવોને એ જ રીતે બગાડતાં યાત્રાળુઓને મેં ભાળ્યાં છે. આમ કરવામાં દયાધર્મનો લોપ થાય છે અને સમાજ-ધર્મની અવગણના થાય છે.

આવી બેદરકારીથી હવા બગડે છે, પાણી બગડે છે. પછી કૉલેરા, ટાઇફૉઇડ વગેરે ભીકતા રોગો થાય તેમાં આશ્ચર્ય શું ? કૉલેરાના રોગની ઉત્પત્તિ જ ગંદા પાણીમાં રહેલી છે. ટાઇફૉઇડને વિષે પણ ઘણેભાગે એમ જ કહી શકાય. લગભગ પોણોસો ટકા રોગ આપણી ગંદી ટેવોને લીધે થાય છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી થતી.

તેથી ગ્રામસેવકનો પહેલો ધર્મ ગ્રામનિવાસીને સ્વચ્છતાની કેળવણી આપવાનો છે. એ કેળવણી આપવામાં વ્યાખ્યાનને અને પત્રિકાને ઓછામાં ઓછું સ્થાન છે. કેમ કે ગંદકીએ એવી જડ ઘાલી છે કે ગામડિયાઓ સ્વયંસેવકની વાતને સાંભળવા તૈયાર નથી હોતા. સાંભળે તો તે પ્રમાણે કરવાનો ઉત્સાહ નથી રાખતા. પત્રિકા વગેરે વહેંચે તો વાંચવાના તો નથી જ. ઘણાને વાંચતાં આવડે પણ નહિ. અને જિજ્ઞાસુ ન હોવાથી જેને આવડે તેની પાસે વંચાવે નહિ.

એટલે સ્વયંસેવકનો ધર્મ પદાર્થપાઠ આપવાનો થયો. ગ્રામનિવાસી પાસે કરાવવાનું પોતે કરી બતાવે ત્યારે જ તેઓ કરવાના; અને ત્યારે તેઓ કરવાના જ એ વિષે કોઈ શંકા ન લાવે. આમ કરવા છતાં ધીરજની આવશ્યકતા તો રહેશે જ.

એ દિવસ આપણે સેવા કરી એટલે લોકો પોતાની મેળે કરતા થઈ જશે એમ માનવાનું કશું કારણ નથી.

સ્વયંસેવકે પોતે ગ્રામવાસીને એકઠા કરી પ્રથમ તો તેમનો ધર્મ તેમને સમજાવવો રહ્યો. અને તે જ વખતે તેઓમાંથી સ્વયંસેવક મળો અથવા ન મળો, તેણે સફાઈનું કામ શરૂ કરી દેવાનું રહ્યું. તેણે ગામડામાંથી જ પાવડો, ટોપલી અથવા ડોલ, ઝાડુ અને કોદાળી એટલી ચીજ પેદા કરી લેવી જોઈએ. એ વસ્તુ પાછી મળવાની ખાતરી મળ્યા પછી લોકો તે આપવાની ના પાડે એવો સંભવ નથી.

હવે સ્વયંસેવક રસ્તો તપાસશે ને જ્યાં મળમૂત્ર હશે ત્યાં પહોંચી વળશે. મળને પોતાની ટોપલીમાં પાવડા વતી એકઠો કરશે ને તે જગ્યાને ઢાંકશે. જ્યાં મૂત્ર હશે ત્યાંથી પણ પાવડા વતી ઉપરની ભીની ધૂળ તે જ ટોપલીમાં લઈ લેશે, ને પછી તેની ઉપર આસપાસની ચોખ્ખી ધૂળ વેરશે. આસપાસ કચરો હશે તો તે ઝાડુ વતી એકઠો કરી તેનો ઢગલો એક કોરે કરી મૂકશે ને મળને ઠેકાણે પાડ્યા પછી કચરો તે જ ટોપલીમાં એકઠો કરીને તેને ઠેકાણે પાડશે.

આ મળને ક્યાં નાખવા એ મહત્ત્વનો પ્રશ્ન છે. તેમાં સ્વચ્છતા છે અને અર્થ છે. બહાર પડેલા મળ બદબો ફેલાવે છે. તેની ઉપર માખીઓ બેસી પાછી આપણા શરીરને વળગી અથવા આપણા ખોરાક પર બેસી રોગનો ચેપ ચોમેર વેરે છે. જો આ ક્રિયાને આપણે સૂક્ષ્મદર્શક યંત્રથી જોઈએ તો આપણે ઘણી મીઠાઈઓ વગેરે ખાઈએ છીએ તેનો ત્યાગ જ કરીએ.

આ મળ ખેડૂતને સારુ સુવર્ણ છે. તેને ખેતરમાં નાંખવાથી તેનું સુંદર ખાતર બને છે ને પાક ઘણો સરસ ઊતરે છે. ચીનના લોકો આ કામમાં સૌથી વધારે કુશળ છે; અને કહેવાય છે કે તેઓ મળમૂત્રને સુવર્ણની જેમ સંઘરી કરોડો રૂપિયા બચાવે છે, ને સાથે જ ઘણા રોગોમાંથી બચી જાય છે.

એટલે સ્વયંસેવકે ખેડૂતોને આ વસ્તુ સમજાવી જે રજા આપે તેના ખેતરમાં તે દાટવી જોઈએ. જો કોઈ ખેડૂત અજ્ઞાનને વશ રહી સ્વયંસેવકની સ્વચ્છતાની અવગણના કરે તો તેણે મળને ઉકરડામાં એક જગ્યા શોધી દાટવા. આટલું કર્યા પછી તે પેલા કચરાની ઢગલી પાસે જશે.

કચરો બે પ્રકારનો હોય છે. એક તો ખાતરને લાયક, જેવા કે શાકભાજીનાં છોતરાં, અનાજ, ઘાસ

ઇત્યાદિ. બીજો કચરો લાકડાં, પથરા, પતરાં વગેરેનો. આમાંનો ખાતરજોગ કચરો એ ખેતરમાં અથવા તો જ્યાં તેનું ખાતર એકઠું કરી શકાય ત્યાં રાખવો જોઈએ. અને બીજો કચરો જ્યાં ખાડા વગેરે પૂરવાના હોય તે જગાએ લઈ જઈ દાટવો જોઈએ. આમ કરવાથી ગામડું સાફ રહેશે, અને ઉઘાડે પગે ચાલતાં માણસો નિર્ભયપણે ચાલી શકશે. થોડા દિવસના પરિશ્રમ પછી લોકો એની કિંમત સમજ્યા વિના રહેવાના જ નથી. અને સમજશે ત્યારે તેઓ મદદ કરતા થઈ જશે, અને છેવટે પોતાની મેળે કરતા થઈ જશે. પ્રત્યેક ખેડૂત પોતે પોતાના કુટુંબીએ પેદા કરેલા મળનો પોતાનાં ખેતરમાં ઉપયોગ કરશે, એટલે કોઈને કોઈનો બોજો નહિ લાગે અને સૌ પોતાના પાકની કિંમતને વધારતા થઈ જશે. રસ્તામાં મળત્યાગની ટેવ તો કદી ન હોવી જોઈએ. ઉઘાડામાં બધાના દેખતાં મળત્યાગ કરવો કે બચ્ચાં સુધ્ધાંને કરાવવો એ અસભ્ય છે. એ અસભ્યતાનું ભાન આપણને છે, કેમ કે એવે સમયે કોઈ આવતું હોય તો આપણે નીચું જોઈએ છીએ. તેથી પ્રત્યેક ગામમાં એક સ્થળે સોંઘામાં સોંઘાં પાયખાનાં બંધાવવાં જોઈએ. ઉકરડાની જગ્યાનો જ એવો ઉપયોગ થઈ શકે.

આ એકઠા થયેલા ખાતરને વરાડે પડતું ખેડૂતો વહેંચી લઈ શકે છે. અને જ્યાં લગી આવો બંદોબસ્ત ખેડૂતો કરતા ન થઈ જાય ત્યાં લગી સ્વયંસેવકે જેમ રસ્તાને તેમ જ ઉકરડાને સાફ કરવો રહ્યો. રોજ સવારે ગ્રામવાસીઓ ઉપયોગ કરી લે ત્યાર પછી નિયત વખતે તેણે ઉકરડે જઈને મેલુંમાત્ર એકઠું કરીને ઉપર બતાવ્યા પ્રમાણે તેની વ્યવસ્થા કરવી રહી. જો કોઈ ખેતર ન મળે તો જે ઠેકાણે મળને દાટ્યા હોય ત્યાં નિશાન રાખવું જોઈએ. આમ કરવાથી રોજ દાટવા જતાં સગવડ પડે, ને ખેડૂતો સમજે તે વખતે આ એકઠા થયેલા ખાતરનો તેઓ ઉપયોગ કરી શકે.

આ મળ બહુ ઊંડા ન જ દાટવા જોઈએ. પૃથ્વીના નવ ઇંચ સુધીના પડમાં અસંખ્ય પરોપકારી જંતુઓ વસે છે. તેઓનું કામ તેટલા ઊંડાણમાં જે કંઈ હોય તેનું ખાતર બનાવવાનું અને મેલા-માત્રને શુદ્ધ કરવાનું હોય છે. સૂર્યનાં કિરણો પણ રામદૂતની માફક ભારે સેવા કરે છે. આ વસ્તુની પરીક્ષા જેને કરવી હોય તે પોતે અનુભવથી કરી શકે છે. થોડા મળ નવ ઇંચમાં દાટવા અને અઠવાડિયા પછી જમીનને ઉઘાડી જોવી અને તેમાં શું થાય છે તેની નોંધ લેવી. એ જ મળનો થોડો

બીજો ભાગ જમીનમાં ત્રણ ફૂટ કે ચાર ફૂટ ઊંડુ દાટવો અને તેના શા હાલ થાય છે તે તપાસવું. એટલે અનુભવજ્ઞાન મળશે. મળને છીછરા દાટવા, પણ તેની ઉપર માટી સારી પેઠે ઢાંકવી કે જેથી કૂતરાં ખોદી ન શકે અને બચ્ચાંઓ ન આવી શકે. કૂતરાં ન ખોદી શકે તેને સારુ કોઈ જગાએ થોડાં કાંટાનાં ઝાંખરાં મૂકી દીધાં હોય તો સારું.

જ્યારે મળ છીછરા દાટવાની વાત કરી ત્યારે સમજાવું જોઈએ કે મળને સારુ ચોરસ કે લંબ-ચોરસ મોટો ખાડો હોવો જોઈએ, કેમ કે દાટેલા મળ ઉપર બીજા તો ચડાવવાના છે જ નહિ, અને તુરત ઉઘાડવાના પણ નથી. એટલે આગલે દહાડે જ્યાં દટાયા હોય તેની પાસે જ બીજો એક નાનો ચોરસ ખાડો તૈયાર હોય. તેમાંથી કાઢેલી માટી એક કોર ગોઠવાયેલી હોય. બીજે દિવસે આવીને મળ દાટી પેલી પડેલી માટી તેની ઉપર ઢાંકી બરોબર સપાટ કરીને ચાલ્યા જવાનું રહે. આ જ રીતે લીલોતરી વગેરેના કચરાનું ખાતર કરવું, પણ પડખે જુદી જગાએ. કેમ કે મળ અને લીલોતરીનું ખાતર એક સાથે ન દાટી શકાય. બન્નેની ઉપર જંતુઓ એકસરખી ક્રિયા નથી કરતાં. હવે સ્વયં-સેવક સમજેલ હશે કે જ્યાં તે મળ દાટતો હશે તે

જગા હમેશાં સ્વચ્છ હશે, સપાટ હશે અને તાજા ખેડાયેલા ખેતરના જેવી લાગતી હશે.

હવે રહ્યો પેલો ખાતરને નહિ લાયક એવો ઢગલો. એ ઢગલામાં રહેલો કચરો એક જ ઊંડા ખાડામાં દાટવો, અથવા ગામની આસપાસ જે ખાડા પૂરી દેવાના હોય તેમાં દાટવો. એ પણ રોજ દટાતો જાય, દબાતો જાય અને સ્વચ્છ જ રહે.

આમ એક મહિના લગી કરવાથી બહુ પરિશ્રમ વિના ગામડાં ઉકરડા મટી સુંદર, સ્વચ્છ થઈ જશે. વાંચનાર સમજેલ હશે કે આમાં પૈસાનું તો કંઈ જ ખર્ચ નથી. આમાં નથી સરકારની મદદ જોઈતી, નથી ભારે વૈજ્ઞાનિક શક્તિની જરૂર. જરૂર માત્ર પ્રેમળ સ્વયંસેવકની છે.

આટલું કહેવાની જરૂર નથી કે જે વસ્તુ મળમૂત્રને લાગુ પડે છે એ જ છાણ અને પશુના મૂતરને પણ લાગુ પડે છે. પણ આનો વિચાર હવે પછીના પ્રકરણમાં કરીશું.

ગુજરાતી સભા મુંબઈ
2205

# ૩

# છાણાં કે ખાતર?

ગયા પ્રકરણમાં આપણે મનુષ્યના મળમૂત્રનો વિચાર કરી ગયા. ગાયભેંસ વગેરે જાનવરોના મૂતરનો ઉપયોગ તો આપણે કંઈ કરતા નથી તેથી તે ગંદવાડ વધારવાનું જ કામ કરે છે. છાણનો ઉપયોગ ઘણેભાગે છાણાં બનાવવામાં કરવામાં આવે છે. છાણનો આ દુરુપયોગ નહિ તો ઓછામાં ઓછો ઉપયોગ છે, એને વિષે મુદ્દલ શંકા કરવાનું કારણ નથી. વાધરીને સારુ ભેંસ મારવા જેવો આ ધંધો છે. છાણાંનો અંગાર ઠંડો ગણાય છે. હુક્કા અને ચલમ પીવાવાળા એનો ઉપયોગ કરે છે. પંજાબ તરફ છાણાંના અગ્નિથી ઘી સારું બને છે એવી માન્યતા છે. એમાં કંઈક તથ્ય હોવાનો પણ સંભવ છે. પણ આ બધી દલીલો છાણનો ઉપયોગ છાણાં બનાવવામાં આપણે કરીએ છીએ તેથીજ વપરાય છે. જો છાણનો પૂરેપૂરો ઉપયોગ આપણે લેતા હોઈએ તો હળવો દેવતા કરવાનાં બીજાં અનેક સાધનો શોધી શકાય. જો એક છાણાની કિંમત એક પાઈ થતી હોય તો છાણનો પૂરો ઉપયોગ કરવાથી એક છાણા જેટલા છાણની

કિંમત બોજામાં ઓછી દસગણી છે. અને જો આપણે આડકતરી નુકસાનીનો હિસાબ પણ કરીએ તો એ નુકસાનીની કિંમત આંકી ન શકાય એટલી બધી છે.

છાણનો પૂરો સદુપયોગ તેનું ખાતર કરવામાં જ છે. ખેતીશાસ્ત્રના જાણકારોનો અભિપ્રાય છે કે છાણને બાળી નાંખવાથી આપણા ખેતરોનો કસ ઓછો થયો છે. ખાતર વિનાનું ખેતર એ ઘી વિનાના લાડુ જેવું લૂખું સમજવું. છાણને બાળીને રસાયણનું ખાતર વેચાતું લેનાર મૂર્ખ ખેડૂતો તો હિંદુસ્તાનમાં નહિ જ હોય એમ હું માની લઉં છું. અને રસાયણના ખાતરની કિંમત છાણના ખાતરની સાથે સરખાવતાં ઘણી ઓછી છે એમ પણ ખેડૂતોની માન્યતા છે. રસાયણી ખાતરોનો જેમ લાભ છે તેમ ગેરલાભ પણ છે. જોકે શાસ્ત્રજ્ઞોના પ્રયોગો હજુ પૂરા નથી થયા, તોપણ તેઓમાં ઘણા એમ માને છે કે રસાયણી ખાતર વાપરીને જથો ઘણી વાર વધારાય છે, ઘણી વાર શોભા વધારાય છે, પણ ગુણની તો હાનિ થાય છે. કેટલાક વૈજ્ઞાનિકોની એવી માન્યતા છે કે રસાયણી ખાતરથી ધારેલા માપના ખેતરમાં ઘઉં વધારે પેદા થશે, દાણો રૂપાળો અને મોટો થશે. પણ કુદરતી

ખાતરવાળા ખેતરમાં જે ઘઉં પાકશે તે જથામાં ભલે ઓછા હોય છતાં મીઠાશમાં અને પૌષ્ટિકતામાં પેલાના કરતાં બહુ વધી જશે. અને સંભવ એવો છે કે પૂરતી શોધ થયા પછી રસાયણી ખાતરની કિંમત આજે જેટલી આંકવામાં આવે છે તેમાં ઘણો ઘટાડો થાય.

આમ હો કે ન હો, છાણનો ઉપયોગ ખાતરને જ સારુ કરવો જોઈએ એ વિષે બે મત સાંભળ્યા નથી. તેથી ઢોરના છાણ અને મૂતરનો ખાતરને સારુ ઉપયોગ કરવાનું સંપૂર્ણ જ્ઞાન આપવાનું કામ પણ ગ્રામસેવકનું જ હોઈ શકે. છાણાં વિષે લોકોનો ભ્રમ દૂર કરવો, તેને બદલે તેના જેવું બીજું ઇંધન શોધી કાઢવું, છાણ અને ગોમૂતરની ખાતર તરીકેની કિંમત અનેક પ્રકારે સમજાવવી, અને તે સમજાવવા પૂરતું જ્ઞાન મેળવી લેવું એ સ્વયંસેવકોનું કર્તવ્ય છે. આ આખો વિષય જેટલો રસિક છે તેટલો જ લાભદાયક છે, અને ઉદ્યમી સંશોધકને સારુ તેમાં જ્ઞાનનો ભંડાર રહેલો છે. વાંચનાર જોશે કે જેમ મનુષ્યના મળમૂત્રને વિષે તેમ જ આને વિષે પૈસાની કે ભારે વિદ્વત્તાની આવશ્યકતા નથી, પણ જે પ્રેમનો ઉલ્લેખ મેં ગયા પ્રકરણમાં કર્યો તે પ્રેમની આવશ્યક્તા છે.

## ૪

# ગામના રોગ

લોકકેળવણીનો વિચાર કરતાં અક્ષરજ્ઞાનની આવશ્યકતાને બહુ જ ગૌણ સ્થાન મળે છે. જીવનનાં મુખ્ય અંગોને સારુ અક્ષરને સ્થાન જ નથી એમ કહી શકાય. મોક્ષ એ આપણી આત્યંતિક સ્થિતિ છે. કોણ ના પાડશે કે ઐહિક અને પારલૌકિક મોક્ષને સારુ અક્ષરની જરૂર નથી? કરોડોના અક્ષરજ્ઞાનને સારુ, સ્વરાજપ્રાપ્તિને સારુ આપણે રોકાવું પડે તો સ્વરાજપ્રાપ્તિ લગભગ અશક્ય જેવી થઈ પડે. અને દુનિયાના મહાન શિક્ષકો જેવા કે ઈશુ ઇત્યાદિને અક્ષરજ્ઞાન હતું એવું કોઈએ કહ્યું નથી.

આ લેખમાળાની કલ્પનામાં અક્ષરજ્ઞાન છેલ્લે આવે છે. તે સાધન છે, સાધ્ય નથી. સાધન તરીકે તેનો ઘણો ઉપયોગ છે એ વાત જગજાહેર છે. પણ કામધંધામાં પડેલા, ઉંમરે પહોંચેલા કરોડો ખેડૂતોને સારુ ક્યા જ્ઞાનની આવશ્યકતા છે એનો

વિચાર કરતાં આપણે જોઈએ છીએ કે અક્ષરજ્ઞાનના પહેલાં અનેક વસ્તુઓ એવી છે કે જેનું જ્ઞાન તેમને આજે મળી જવું જોઈએ. મિ. બ્રેનના પુસ્તકમાંથી કેટલાક ભાગનો સાર મેં આપ્યો છે તેમાંથી પણ આપણને એ જ વસ્તુ મળે છે.

આ દૃષ્ટિએ આપણે ગામડાંની સ્વચ્છતાનો વિચાર કરી ગયા. આગલાં પ્રકરણોમાં બતાવ્યા તે સુધારાનું જ્ઞાન ખેડૂતો તુરત પામી શકે છે. તે જ્ઞાન મેળવવામાં જે વસ્તુ આડે આવે છે તે ખરા શિક્ષકોનો અભાવ ને ખેડૂતોનું આળસ.

આજે આપણે ગામડાંના સામાન્ય વ્યાધિનો વિચાર કરવો છે. ગામડાંમાં રહેનાર બધા સાથીઓને અનુભવ મળ્યો છે કે સામાન્ય રોગ તાવ, બંધકોશ અને ફોડા હોય છે. બીજા અનેક વ્યાધિ હોય છે, પણ તેનો વિચાર અત્યારે કરવાની જરૂર નથી. જે રોગથી પીડાતાં ખેડૂતોને પોતાના કામમાં ખલેલ આવે છે તે તો ઉપરના ત્રણ રોગ છે. આના ઘરઘરાઉ ઇલાજ તેમણે જાણી લેવાની બહુ જરૂર છે. આ વ્યાધિઓની ઉપેક્ષા કરીને આપણે કરોડો રૂપિયાનું નુકસાન ખમીએ છીએ. છતાં આ રોગોનું નિવારણ બહુ સહેલાઈથી થઈ શકે છે. મરહૂમ દાક્તર દેવની દેખરેખ નીચે જે કામનો

આરંભ ચંપારણમાં થયો હતો તે કામમાં આ રોગોનું નિવારણ હતું જ. સ્વયંસેવકોની પાસે ત્રણ દવાથી ચોથી દવા નહોતી રહેતી. ત્યારબાદનો અનુભવ પણ એ જ સૂચવે છે. પણ આ લેખમાળાની કલ્પનામાં એ ઉપાયો યોજવાની રીત બતાવવાનું નથી રાખ્યું. એ આખો નોખો અને રસિક વિષય છે. અહીં બતાવવાનું તો એ છે કે આ ત્રણ વ્યાધિઓના શાસ્ત્રીય ઉપચાર કરતાં ખેડૂતોને શીખવવું જોઈએ, અને એ શીખવવું સહેલું છે. જો ગામની સ્વચ્છતા સધાય તો ઘણા રોગો થતા જ અટકે. અને વૈદ્યમાત્ર જાણે છે કે રોગનો સર્વોત્તમ ઇલાજ તેને થતો અટકાવવો એ છે. બદહજમી અટકાવતાં બંધકોશ અટકે; ગામની હવા સ્વચ્છ રાખતાં તાવ અટકે. ગામનું પાણી સ્વચ્છ રાખવાથી અને નિત્ય સ્વચ્છ પાણીથી નાહવાથી ફોડા અટકે. ત્રણે રોગ થઈ આવે તો તેનો સરસ ઉપચાર ઉપવાસ છે, અને ઉપવાસ દરમ્યાન કટીસ્નાન અને સૂર્યસ્નાન છે. આ વિષે વિગતવાર વિચાર ‘આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન’માં છે. દરેક સ્વયંસેવકને એ જોઈ જવાની મારી ભલામણ છે.

ગામડાંમાં ઇસ્પિતાલ હોવી જોઈએ, અથવા તે નહિ તો એક ડિસ્પેન્સરી તો હોવી જ જોઈએ,

એવી માન્યતા હું ચોમેર જોઉં છું. મેં તો એવી આવશ્યકતા મુદ્દલ જોઈ નથી. ઘણા ગામોની આસપાસ એવી સંસ્થા હોય તો સારું ખરું. પણ આવી વસ્તુ મહત્ત્વ આપવા યોગ્ય નથી. ઇસ્પિતાલ હોય ત્યાં દરદીઓ તો ભરાવાના જ. તેની ઉપરથી એવું અનુમાન ન ખેંચાય કે સાત લાખ ગામડાંમાં સાત લાખ ઇસ્પિતાલ હોય તો મહાન ઉપકાર થાય. ગામડાનું દવાખાનું ગામડાની શાળા હોય, અને ગામડાનું વાચનાલય પણ ત્યાં જ હોય. રોગ દરેક માસમાં હોય, વાચનાલય દરેક ગામને માટે હોય, શાળા તો જોઈએ જ. આ ત્રણનાં નોખાં મકાનનો વિચાર કરતાં માલૂમ પડશે કે એ રીતે બધાં ગામડાંને પહોંચવા સારુ કરોડો રૂપિયા જોઈએ ને ઘણો કાળ વીતે. એટલે લોકશિક્ષણનો ને ગ્રામસુધારણાનો વિચાર કરતાં આપણે દેશની અત્યંત ગરીબાઈને યાદ રાખ્યે જ છૂટકો છે.

આવી બાબતો વિષેના આપણા વિચારો આપણે પરદેશોને લૂંટીને ધનાઢ્ય થયેલી પ્રજા પાસેથી ભાડે ન લીધા હોત તો, અને આપણામાં ખરી જાગૃતિ પેદા થઈ હોત તો, ગામડાંનાં વાન ક્યારનાં બદલાઈ ગયાં હોત.

૫

# કૂવા અને તળાવ

પૂર્વે તેમ જ હાલ ગામડાં વસાવનાર પહેલી ખબર પાણીની લેશે; અને જો પાણીની સગવડ સારી ન હોય તો અથવા ન થઈ શકે એવું હોય તો ત્યાં ગામડું વસાવવાનો વિચાર સરખોયે નહિ કરે. દક્ષિણ તરફ એવા બીજી બધી રીતે સુંદર પણ સૂકા પ્રદેશો જોવામાં આવે છે કે જ્યાં પાણીને અભાવે ગામડાં વસાવી શકાતાં નથી. હવા એ મનુષ્યની પહેલી આવશ્યકતા છે. તેથી એને ક્યાંયે શોધવા જવી પડતી નથી. બીજી હાજત પાણી છે. અને એ જોકે હવા જેટલી સહેલાઈથી નથી મળી શકતું તોયે અનાજ ઉત્પન્ન કરવા જેટલું પેદા કરવામાં કષ્ટ નથી આવતું. પણ જેમ હવા અથવા અનાજ ચોખ્ખાં હોવાં જોઈએ તેમ પાણી પણ ચોખ્ખું હોવું જોઈએ.

આ વસ્તુ ગામડિયા નથી જાણતા અથવા જાણતા છતાં તેને વિષે બેદરકાર રહે છે, એ આપણે સૌ જાણીએ છીએ. તેથી ગ્રામસેવકે ગામડિયાઓને આપવાની કેળવણીના કાર્યક્રમમાં પાણી વિષેની કેળવણી પણ બહુ મહત્ત્વનો વિષય છે, અને તે આપતાં સેવકની ધીરજની કસોટી થઈ રહે તેમ છે. ગ્રામવાસી પોતે મહેનત કરીને પાણી સાફ રાખવાના ઉપચારો શોધે કે યોજે એવી આશા સરખીયે ન કરી શકાય. ધીમે ધીમે ગ્રામવાસી-ઓને પાણી સ્વચ્છ રાખવાના ફાયદા અને નિયમો બતાવવા રહ્યા અને તે કામ કરવામાં તેમની મદદ લેવી રહી. ઘણી જગાએ તો એવું બને છે કે પોતાના ફાયદાની વસ્તુ હોવા છતાં ગ્રામવાસી મદદ કરવા તૈયાર જ નથી હોતા. ત્યારે સેવકે પોતે એકલા મજૂરી કરી, બની શકે એટલું એકલે હાથે કામ કરી ગ્રામવાસીને શરમાવવા રહ્યા.

હવે શું કરવું એ જરા તપાસી લઈએ. ઘણાં ગામડાંમાં એક જ તળાવ હોય છે. તેમાં ઢોર પાણી પીએ છે, મનુષ્ય નહાયધુએ છે, વાસણ ઊટકે છે, કપડાં ધુએ છે, અને તે જ પાણી પીવામાં લે છે. આરોગ્યશાસ્ત્ર જાણનારાઓએ અનેક અખતરા કરીને સિદ્ધ કરી આપ્યું છે કે આવા પાણીની અંદર

ઝેરી જંતુઓ પેદા થાય છે ને એ પાણી પીવાથી સહેજે કોલેરા ઇત્યાદિ વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. થોડી સંભાળથી આવાં તળાવ સાફ રહી શકે છે. ગામના તળાવને બાંધી લેવું જોઈએ જેથી તેમાં ઢોર જઈ શકે નહિ. પણ તેમને પાણી પીવાની સગવડ તો હોવી જ જોઈએ. આને સારુ તળાવની નજદીક, જેમ ઘણા કૂવાની નજદીક હોય છે તેવું નવાણ બાંધવું જોઈએ. અને એમાં ગામનાં બધાં માણસો એકએક ઘડો ભરી જાય તો જોઈએ તેટલું પાણી રોજ ભરાયાં કરે.

પાણી પીવાના તળાવમાં વાસણ કે કપડાં કદી ધોવાય જ નહિ. એના બે ઉપાય છે. એક તો એ કે સૌ પોતાના ઘરને સારુ પાણી ભરી ગયાં હોય તેથી ઘેર જ ધોઈ લે. અથવા બીજો ઉપાય એ છે કે તળાવની પાસે જ એક ટાંકી રખાય. તેમાં પણ સૌ પોતાના ભાગનું પાણી ભરે અને એ પાણીનો ઉપયોગ ગ્રામવાસીઓ કરે. ગ્રામવાસીઓની વચ્ચે આવો સહકાર હોય અને પરોપકારવૃત્તિ હોય તો જ આ થઈ શકે. આમ હાથોહાથ કામ ન થાય તો થોડા ખર્ચથી ટાંકી અને નવાણ ભરાવી શકાય. કપડાં ધોવાની જગાએ પાણી તો ઢોળાય જ; તેથી એટલો ભાગ પાકો બાંધી લેવો જોઈએ

કે જેથી ત્યાં કીચડ ન થાય. પીવાનું પાણી ભરવાનાં વાસણો બહાર સાફ કરીને જ તળાવમાં બોળાય. અને એમાં સગવડ એવી રાખેલી હોવી જોઈએ કે જેથી પાણી ભરનારના પગ પાણીમાં ન પડે. આ એક સ્થિતિને લગતી વાત થઈ. કેટલાંક ગામડાંમાં એકથી વધારે તળાવ હોય છે અથવા કરી શકાય એવી ગોઠવણ હોય છે. ત્યાં પાણી પીવાનું તળાવ નોખું જ હોવું જોઈએ.

ત્રીજી જાતના ગામમાં કૂવા હોય છે. આ કૂવાનું પાણી સાફ રહેવું જોઈએ. તેથી તેની આસપાસ બંધ હોવા જોઈએ ને કીચડ ન હોવો જોઈએ. કૂવો વખતોવખત ગાળવો જોઈએ. આ બધું સેવકે જાતે કરી ગ્રામવાસી પાસે કરાવવું રહ્યું. આ કેળવણી સસ્તી, ખરી અને આવશ્યક છે.

૬

# ગામડાંના રસ્તા

ગામડાંના ઉકરડા કેમ દૂર કરાય ને તેથી આરોગ્યને થતું નુકસાન મટાડી તેમાંથી સુવર્ણરૂપ ખાતર કેમ પેદા કરી શકાય, છાણનો ઉપયોગ છાણાં બનાવવામાં કરવાને બદલે તેનું ખાતર કરી ગામડાંની ઊપજ સહેજે કેમ વધારી શકાય, તળાવ અને કૂવા સાફ કરી, રાખી આરોગ્યની રક્ષા કેમ કરી શકાય એ આપણે જોયું.

હવે ગામડાંના રસ્તા તરફ નજર કરીએ. ગામડાંના રસ્તા જોઈએ તો તે વાંકા અને જાણે ધૂળના ઢગલા હમણાં જ સપાટ કરી નાંખ્યા ન હોય એવા જોવામાં આવે છે. તેની ઉપર ચાલતાં મનુષ્યને તેમ જ ગાડાં ખેંચતાં ઢોરને ભારે કષ્ટ પડે છે. આને પરિણામે આપણાં ગાડાં પણ એવાં ભારે ને ભારે પૈડાંવાળાં કરવામાં આવે છે કે બળદને બમણો બોજો નકામો ઊચકવો પડે છે. ધૂળના થર જામેલા રસ્તા કાપવાનું કષ્ટ અને ભારે ગાડાંનું વજન ખેંચવાનું ખર્ચ. જો રસ્તા પાકા હોય તો બળદ બમણો માલ ઊચકે, ગાડાં સસ્તાં થાય ને ગ્રામવાસીઓના આરોગ્યમાં વૃદ્ધિ થાય.

આજે તો 'છાશમાં માખણ જાય ને નાર ફુવડ કહેવાય' એવો ધંધો ચાલે છે. ચોમાસામાં આવા રસ્તામાં એટલો કાદવ થાય છે કે તેમાંથી ગાડું હાંકવું મુશ્કેલ થાય ને માણસોને તરવું પડે અથવા કેડ લગી ભીના થઈને જવું પડે. અનેક પ્રકારના રોગો ફેલાય એ લહાણીમાં મળ્યા ગણાય.

જ્યાં ગામ ઉકરડા જેવું હોય, જ્યાં તળાવકૂવાની કોઈ દરકાર ન કરતું હોય, જ્યાં રસ્તા જેવા ચાચા આદમના સમયમાં હતા તેવા જ આજે હોય ત્યાંનાં બાળકોની બીજી શી હાલત હોય? બાળકોનું વર્તન, તેમની સભ્યતા ગામની હાલતનો પડછંદો હોય. તેમને જોઈએ તો તેમની દરકાર પણ ગામડાંના રસ્તાના જેવી લેવાતી હોય. આમાં પણ હમણાં પડીએ તો વિષયાંતર થાય.

ત્યારે આ રસ્તાનું શું કરવું? લોકોમાં સહકાર હોય તો વગર મૂલ્યે અથવા કાંકરા વગેરેના થોડા જ ખર્ચથી પાકા રસ્તા ગ્રામવાસીઓ બનાવી પોતાના ગામની કિંમત વધારી શકે, ને આ સહકારી કાર્ય વાટે મોટાંનાનાં બધાં ખરી કેળવણી મફત પામે. ગ્રામવાસીઓ મજૂર મારફતે કંઈ કામ બનતાં લગી ન લે. ગ્રામવાસી બધા ખેડૂત હોય એટલે બધા સ્વતંત્ર રીતે પોતાના મજૂર જ હોય. જરૂર

જણાય ત્યારે પડોશી મજૂરની મદદ લે. રોજ થોડા સમય ગ્રામવાસીઓ રસ્તાઓને આપે તો થોડા સમયમાં રસ્તા સુધારી લે. આમ કરવાને સારૂ ગામડાંની શેરીઓનો ને આસપાસના ગામે જવાના માર્ગનો નકશો તૈયાર કરી પોતાની શક્તિ અનુસાર કાર્યક્રમ ગોઠવે, અને તેમાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકો, બધાં ઓછોવત્તો ભાગ ભરી શકે. અત્યારની આપણી સ્થિતિ કેવળ કૌટુંબિક જીવનની છે. ગ્રામસુધારણાનો આધાર કૌટુંબિક ભાવનાને ગામ લગી પહોંચાડવા ઉપર રહ્યો છે. ગામડાંના દેખાવ ઉપરથી આપણી સભ્યતાનો આંક મુકાય. પ્રત્યેક કુટુંબનું પ્રત્યેક જણ જેમ કુટુંબનું ઘર સાફ રાખશે તેમ પ્રત્યેક કુટુંબે પોતાના ગામને વિષે કરવા તૈયાર થવું જોઈએ. આમ થાય તો જ ગ્રામવાસી સુખે રહી શકે અને સ્વાશ્રયી થાય. આજ તો દરેક બાબતમાં સરકાર તરફ દૃષ્ટિ રહે છે. સરકાર ઉકરડા સાફ કરે, સરકાર રસ્તા બનાવે, સમારે, સરકાર કૂવાતળાવ સાફ રાખે, સરકાર બાળકોને ભણાવે, સરકાર વાઘવરુથી બચાવે, સરકાર આપણી માલમિલકતની રક્ષા કરે. આ વૃત્તિને કેળવી આપણે અપંગ બન્યા છીએ ને તે સ્થિતિમાં વધારો થતો જાય છે તથા કરનો બોજો વધતો જાય છે.

જો ગ્રામવાસી બધા ગામડાની સ્વચ્છતા, શોભા ને રક્ષાને સારુ પોતાને જવાબદાર ગણે તો ઘણો સુધારો તુરત અને લગભગ વગર પૈસે થાય. એટલું જ નહિ પણ આવજાની સગવડોની અને આરોગ્યની વૃદ્ધિને લીધે ગામની આર્થિક સ્થિતિ ઘણી સારી થાય.

રસ્તા સાફ કરવામાં થોડા બુદ્ધિપ્રયોગની જરૂર પડે છે. નકશાની વાત તો હું કરી ગયો. બધાં ગામને રસ્તા સારા ને પાકા બનાવવાની એક જ જાતની સગવડો નથી હોતી. કોઈની પાસે પથ્થરો હોય, બિહારના કેટલાક પ્રદેશોમાં ગોતતાં પણ પથ્થર ન મળે. રસ્તા પાકા કરવાને સારુ કયા ઉપાયો કરવા એ શોધવાનું કામ આ લેખમાળાને અંગે કલ્પાયેલા સ્વયંસેવકનું છે. ગ્રામસેવક આસપાસ ફરી વળે, આ બાબતમાં સરકારી પ્રથામાંથી કંઈક શીખવાનું મળે તો શીખે. સરકાર રસ્તા પાકા કરવાને સારુ જે ઉપાયો યોજતી હોય તેમાંથી જે ગ્રાહ્ય હોય તે લેવાય. કેટલીક વેળા ગામના બુઢ્ઢા લોકોને આવી બાબતનું વ્યવહારુ જ્ઞાન ખૂબ હોય છે. તે શોધતાં ને તેનો ઉપયોગ કરતાં ગ્રામસેવક સંકોચ ન જ કરે. અને જેમ બીજી બાબતોમાં તેમ આમાં પોતાની જાતમહેનતનો દાખલો બેસાડી ગ્રામસેવક રસ્તા પાકા બનાવવાનો આરંભ કરે.

## ૭

# જગતનો તાત

### ૧

'રે ખેડૂત તું ખરે જગતનો તાત ગણાયો'

આ પ્રમાણે નિશાળમાં પ્રાથમિક કેળવણી લેતાં શીખીએ છીએ. તેનો શો અર્થ છે અને જગતના તાત પ્રત્યે આપણી ભક્તિ કેટલી ઓછી છે એનું થોડુંક સ્મરણ શ્રી. ચંદુલાલના લેખથી આપણને થાય છે.

શ્રી. ચંદુલાલે ખેડૂતોની સ્થિતિ વિષે બહુ ટૂંકામાં પણ અસરકારક લખ્યું છે. એમણે કાઠિયાવાડના ખેડૂતને ઉદ્દેશીને લખ્યું છે. પણ જે વાત કાઠિયાવાડના ખેડૂતને લાગુ પડે છે એ જુદે જુદે રૂપે સમગ્ર હિંદુસ્તાનના ખેડૂતોને લાગુ પડે છે. જ્યાં સુધી ખેડૂતોની હાલત શિક્ષિત વર્ગે વિચારી નથી, જાણી નથી, અનુભવી નથી ત્યાં સુધી એ હાલતમાં સુધારો થવો અશક્ય છે.

ખેડૂતોની હાલત વિષે આપણા ઑફિસરોએ થોડી માહિતી મેળવી છે, થોડું લખ્યું છે, ધારાસભામાં પણ ચર્ચા કરી છે, એમ છતાં એ હાલતનો અનુભવ નહિ હોવાથી તેમાં ખરો સુધારો થઈ શક્યો નથી.

સરકારી અમલદારોએ ખેડૂતોની હાલત બેશક જાણી છે, પણ અમલદારોની સ્થિતિ ખરેખરી દયાજનક છે. એમણે અમલદારોની દૃષ્ટિએ એટલે મહેસૂલ ઉઘરાવનારની દૃષ્ટિએ ખેડૂતોને જોયા છે. વધારેમાં વધારે વિઘોટી નાંખી શકે, ઉઘરાવી શકે એ અમલદાર ચડે, તેને ખિતાબ મળે, અને તે હોશિયાર ગણાય. જે દૃષ્ટિએ જે ચીજને આપણે તપાસીએ તે જ દૃષ્ટિએ તેને આપણે જોઈ શકીએ છીએ. એટલે જ્યાં સુધી કોઈએ ખેડૂતની નજરે ખેડૂતની હાલત તપાસી નથી ત્યાં સુધી તે હાલતનો આબેહૂબ ચિતાર આપણને મળવાનો નથી.

તોપણ કેટલેક દરજ્જે આપણે એ હાલત જાણી શકીએ છીએ. હિંદુસ્તાન કંગાલ છે. હિંદુસ્તાનમાં લાખો માણસોને એક જ ટંક ખાવાનું મળે છે. એ બધાનો અર્થ એટલો જ કે હિંદુસ્તાનના ખેડૂતો કંગાલ છે અને તેઓમાંના ઘણાને એક જ ટંક ખાવાનું મળે છે. એ ખેડૂતો કોણ? હજારો વીઘાંના

માલિક એ પણ ખેડૂત; જેની પાસે એક વીઘું જમીન છે એ પણ ખેડૂત; અને જેની પાસે એક વીઘું જમીન નથી પણ જે બીજાને તાબે રહી ખેતી કરી ભાગમાં કાંઈક દાણા મેળવે છે એ પણ ખેડૂત: અને છેવટે મેં ચમ્પારણમાં એવા પણ હજારો ખેડૂતોને જોયા છે કે જેઓ સાહેબલોકની તેમ જ આપણા લોકોની કેવળ ગુલામગીરી જ કરે છે અને જેમાંથી જન્મભર છૂટી શકતા નથી. આ જુદા જુદા પ્રકારના ખેડૂતોની ખરેખરી સંખ્યા આપણને કદી મળવાની નથી. વસ્તીપત્રક બનાવવાની પણ રીત હોય છે. ખેડૂતોની સ્થિતિ તપાસવાને અર્થે વસ્તીપત્રક બનાવવામાં આવે તો એ આપણને આશ્ચર્ય પમાડે અને શરમાવે તેવી ખબરો આપે. ખેડૂતોની દશા સુધરવાને બદલે દિવસે દિવસે બગડતી જાય છે એવો મારો અનુભવ છે. જે ખેડા જિલ્લો આબાદ ગણાય છે ત્યાં પણ જેઓ સારાં ઘર બાંધી શકયા છે તેઓ તેમાં સમારકામ કરવાને શક્તિમાન રહ્યા નથી. તેઓના ચહેરા ઉપર આપણે આશા રાખી શકીએ એવું તેજ નથી. તેઓનાં શરીર જોઈએ તેવાં મજબૂત નથી. તેમનાં છોકરાં રેંજીપેંજી જોવામાં આવે છે. ગામડાંઓમાં મરકીએ પ્રવેશ કર્યો છે. બીજા ચેપી રોગોથી પણ

લોકો પીડાય છે. મોટા પાટીદારો કરજના બોજા નીચે કચરાયેલા છે. મદ્રાસનાં ગામડાંઓમાં જતાં તો કમકમાટ જ આવે. જોકે જેવો ગાઢો અનુભવ મને ખેડા અને ચમ્પારણનો છે તેવો મદ્રાસનો નથી, તોપણ ત્યાંનાં જે ગામડાં મેં જોયાં છે તેની સ્થિતિ ઉપરથી મદ્રાસના ખેડૂતોની કંગાલિયતનો મને સારો ખ્યાલ આવી શકે છે.

હિંદુસ્તાનને સારુ આ મોટામાં મોટો સવાલ છે. એ સવાલનો ફડચો કેમ થઈ શકે ? ખેડૂતોની હાલત કેમ સુધરી શકે ? એનો વિચાર આપણે ક્ષણે ક્ષણે કરવો આવશ્યક છે. હિંદુસ્તાન તેનાં શહેરોમાં નથી. હિંદુસ્તાન ગામડાંઓમાં વસે છે. મુંબઈ, કલકત્તા, મદ્રાસ આદિ નાનાંમોટાં શહેરની વસ્તીનો સરવાળો કરવા જઈશું તો એક કરોડથી ઓછો આવશે. હિંદુસ્તાનનાં સારાં શહેરો ગણવાને બેસીશું તો તે સોની અંદર હશે. પણ સોથી માંડીને હજાર માણસની વસ્તીવાળાં ગામડાંનો પાર નથી. એટલે આપણે શહેરોને આબાદ કરી શકીએ, શહેરો સુધારી શકીએ તોપણ એ પ્રયત્નની અસર આપણાં ગામડાંઓની ઉપર ઘણી ઓછી થવાની છે. ખાબોચિયાંને સુધારતાં છતાં જેમ પાસેની નદીની ઉપર જો તેમાં મેલ રહ્યો હોય તો કશીયે અસર નથી થતી, તેમ

ઝેરાયું છે. પણ જેમ નદી સુધરવાથી ખાબોચિયાં પોતાની મેળે સુધરી જાય છે તેમ જો આપણે આમજનતાના જીવનમાં સુધારો, વિકાસ કરી શકીએ તો બીજું બધું એની મેળે સુધરી શકે છે.

'નવજીવન'નું દષ્ટિબિન્દુ નિરંતર ખેડૂતોની સ્થિતિ જ રહેશે. એ સ્થિતિ કેમ સુધારી શકાય, એ સુધારવામાં નાનામોટા બધા કેમ ભાગ લઈ શકે, અને જો આપણામાં થોડું જ લશ્કર એવું પેદા થાય કે જે સત્યને જ વળગી પોતાનું કર્તવ્ય કર્યાં કરે તો થોડા સમયમાં આપણે કેમ આગળ વધી શકીએ એ હવે પછી વિચારીશું.

૨

ગયા અંકમાં ખેડૂતોની સ્થિતિ વિષે આપણે થોડું વિચારી ગયા. એ સ્થિતિ કેમ સુધરી શકે તે આપણે વિચારવાનું રહ્યું છે.

મિ. લાયોનલ કર્ટિસ, જે લખનૌની મહાસભા વખતે જાહેરમાં આવ્યા હતા, તેમણે એક જગ્યાએ હિન્દુસ્તાનનાં ગામડાંનો આબેહૂબ ચિતાર આપ્યો છે. તેઓ સાહેબ કહે છે કે હિન્દુસ્તાનમાં ગામડાં ઉકરડા જેવા લાગતા ટેકરા ઉપર આવેલાં હોય છે. તેનાં ઝૂંપડાં ખંડેર જેવાં લાગે છે. લોકોમાં

તાકાત હોતી નથી. મંદિરો જ્યાંત્યાં હોય છે. ગામડાંમાં સ્વચ્છતા હોતી નથી. રસ્તામાં પુષ્કળ ધૂળ હોય છે. સાધારણ દેખાવ એવો હોય છે કે કેમ જાણે ગ્રામવ્યવસ્થાને સારુ કોઈ જવાબદાર હોય જ નહિ.

આ વર્ણનમાં બહુ અતિશયોક્તિ નથી; અને કેટલેક દરજ્જે તેમાં ઉમેરો પણ કરી શકાય એવું છે. સુવ્યવસ્થિત ગામની રચનામાં કાંઈક નિયમ હોવો જોઈએ. ગામની શેરીઓ જેમતેમ હોવાને બદલે કાંઈક આકારમાં હોવી જોઈએ; અને હિંદુસ્તાન કે જ્યાં કરોડો માણસો ઉઘાડે પગે ચાલનારા છે ત્યાં રસ્તા એટલા બધા સ્વચ્છ હોવા જોઈએ કે તેની ઉપર ચાલતાં કે સૂતાં પણ કોઈ જાતનો અણગમો પેદા ન થઈ શકે. શેરીઓ પાકી અને પાણીના નિકાલને સારુ નીકવાળી હોવી જોઈએ. મંદિરો ને મસ્જિદો સ્વચ્છ અને જ્યારે જુઓ ત્યારે નવાં લાગતાં હોવાં જોઈએ, અને તેમાં જતાં જનારને શાંતિનો અને પવિત્રતાનો આભાસ આવવો જોઈએ. ગામમાં અને આસપાસ ઉપયોગી ઝાડો અને ફળઝાડો હોવાં જોઈએ. તેને લગતી ધર્મશાળા, નિશાળ અને દરદીઓની માવજત થઈ શકે એવી નાનકડી ઇસ્પિતાલ હોવી જોઈએ. લોકોની

નિત્યની હાજતોને સારુ એવી વ્યવસ્થા હોવી જોઈએ કે હવાપાણી, રસ્તા વગેરે ન બગડે. દરેક ગામના લોકોમાં પોતાનાં અન્નવસ્ત્ર ગામમાં જ પેદા કરવાની અથવા બનાવવાની શક્તિ હોવી જોઈએ, અને ચોર લૂંટારા વ્યાઘ્રાદિના ભયની સામે બચાવ કરવાની શક્તિ હોવી જોઈએ. આમાંનું ઘણુંખરું એક વેળા હિંદુસ્તાનનાં ગામડાંમાં હતું. જે ન હતું તેની તે વખતે જરૂરિયાત ન હોય એવો સંભવ છે. હોય અથવા ન હોય, છતાં મેં ઉપર વર્ણવી છે એવી ગામની વ્યવસ્થા હોવી જોઈએ એ વિષે કોઈ શંકા નહિ કરી શકે. આવાં ગામડાં જ સ્વાશ્રયી કહેવાય; અને જો બધાં ગામડાં એવાં હોય તો હિંદુસ્તાનને બીજી થોડી જ ઉપાધિઓ પીડી શકે.

આવી દશા આણવી એ અશક્ય તો નથી જ, પણ આપણે ધારતા હઈશું એવું મુશ્કેલ પણ નથી. હિંદુસ્તાનમાં સાડાસાત લાખ ગામડાં છે એમ કહેવાય છે. એટલે એક ગામડાની વસ્તી સરેરાશ ૪૦૦ થવા જાય. ઘણાં ગામડાંમાં ૧૦૦૦થી ઓછી જ વસ્તી છે. મારી દૃઢ માન્યતા છે કે આવી નાનકડી વસ્તીવાળાં ગામડાંમાં સારી વ્યવસ્થા કરવી એ ઘણું સહેલું છે. તેને સારુ મોટાં ભાષણોની

નથી. કે ધારાસભાની કે કાયદાઓની જરૂર પડતી નથી. માત્ર એક જ આવશ્યકતા રહે. અને તે એક હાથના વેઢા ઉપર ગણી શકાય તેટલાં શુદ્ધભાવે કાર્ય કરનારાં સ્ત્રીપુરુષોની. તેઓ પોતાના આચરણથી, સેવાભાવથી પ્રત્યેક ગામડામાં જોઈતા ફેરફારો કરાવી શકે છે. તેઓને રાતદહાડો એ જ કામમાં રોકાવું પડે એવું પણ કાંઈ નથી. તેઓ પોતાની આજીવિકાનું કામ કરતાં છતાં સેવાવૃત્તિ ધરાવવાથી પોતાના ગામડામાં મહત્ત્વના ફેરફાર કરાવી શકે છે.

આવા સેવકોને ભારે કેળવણીની જરાયે આવશ્યકતા નથી. બિલકુલ અક્ષરજ્ઞાન ન હોય તોપણ ગ્રામસુધારાનું કામ થઈ શકે છે. આમાં સરકાર કે રજવાડા વચમાં આવી શકતા નથી, અને તેઓની મદદની ઓછી જરૂર રહે છે. પ્રત્યેક ગામમાં આ પ્રમાણે સ્વયંસેવકો નીકળી પડે તો જરાયે આડંબર વિના, મોટી ચળવળો વિના સમસ્ત હિંદુસ્તાનનું કાર્ય થઈ શકે, અને ઘણા થોડા પ્રયત્નથી અણધાર્યું પરિણામ લાવી શકાય. આમાં દ્રવ્યની પણ જરૂર ન હોય એમ તો વાંચનાર સહેજે સમજી શકશે. જરૂર માત્ર સદાચારની એટલે ધર્મવૃત્તિની રહેલી છે.

ખેડૂતોની ઉન્નતિનો આ સહેલામાં સહેલો રસ્તો છે એમ હું અનુભવપૂર્વક જાણું છું. આવા પ્રયાસમાં કોઈ પણ ગામને બીજાં ગામોની રાહ જોવાની જરૂર રહેતી નથી અને કોઈ પણ વ્યક્તિને બીજાની રાહ જોવાની જરૂર રહેતી નથી. જે ગામમાં જે એક પણ પુરુષ અથવા સ્ત્રીને લોકસેવા કરવાનો શુદ્ધ વિચાર થાય તે એ જ ક્ષણે શરૂ કરી શકે છે, અને તેમાં તેની આખા હિંદુસ્તાનની પૂરેપૂરી સેવાનો સમાવેશ થાય છે. મારી ઉમેદ છે કે ગામડાંઓમાં વસનાર જેઓના હાથમાં આ આવે તે મેં સૂચવેલો અખતરો શરૂ કરશે અને થોડા સમયમાં જ પોતાના અખતરાનું પરિણામ દેશને બતાવી શકશે. એ અખતરો કેમ શરૂ કરી શકાય એ વિષે કેટલાક અનુભવો હું હવે પછીના અંકમાં વાંચનારની આગળ રજૂ કરીશ. પણ જે આ વસ્તુના મહત્ત્વને સમજી ગયેલ છે તેવા સેવક એક અઠવાડિયાની પણ રાહ જોયા વિના શરૂ કરી દેશે એવી હું ઉમેદ રાખું છું.

૩

હું કહી ગયો છું કે ગ્રામવ્યવસ્થા સુધારવા બાબત હું મારા કેટલાક અનુભવો આપીશ. ડાક્તર હરિપ્રસાદે સ્વ. બહેન નિવેદિતાએ કલકત્તાની એક પોળ કેમ સુધારી તેનો દાખલો આપી આપણને બતાવી આપ્યું છે કે એક એક પુરુષ અથવા સ્ત્રી પણ, જો ધારે તો કેટલું કરી શકે. ગામડાંઓમાં એવું કામ કરવું એ શહેરોની પોળો સુધારવા કરતાંયે સહેલું છે. ચમ્પારણમાં જ્યારે સ્વાશ્રયી નિશાળો ખોલવાનો નિશ્ચય થયો ત્યારે મેં સ્વયંસેવકોની માગણી કરી હતી. ત્યાં આવેલા સ્વયંસેવકોમાં મરહૂમ ડાક્તર દેવ અને બેલગામના શ્રી. સોમણ વકીલ હતા. આ સ્વયંસેવકોને માત્ર ત્રણ કામ કરવાનાં હતાં. છોકરા અને છોકરીઓ આવે તેમને ભણાવવાં, આસપાસનાં ગામના રસ્તા, ઘર વગેરે સાફ રાખતાં ગામડિયાઓને શીખવવું અને સૂચવવું, અને દરદીઓ આવે તેને દવા આપવી. શ્રી. સોમણને ભીતિહરવા કરીને એક ગામડું છે ત્યાં મૂકવામાં આવ્યા હતા. ડાક્તર દેવ નિશાળવાળાં ગામોમાં દવાની તજવીજ રાખતા. દરમિયાન એમનો વસવાટ ભીતિહરવાની નિશાળમાં વધારે

થયો. ત્યાંના લોકોની ઉપર સુધારા વગેરેની અસર કરવી એ મુશ્કલ હતું. તેમણે કયા કયા સુધારા કરવા જોઈએ તે દાક્તર દેવે બતાવ્યું હતું. પણ ગામડિયાઓ દાક્તર દેવનાં વચનને ગાંઠે જ શાના? વાત રસ્તાઓ સાફ કરવાની અને કૂવાની આસપાસ ઢોળાવ કરી બધો કીચડ કાઢી નાખવાની હતી. છેવટે દાક્તર દેવ અને શ્રી. સોમણે કોદાળી હાથમાં લીધી અને કૂવાની આસપાસ ઢોળાવ કરવાનું અને રસ્તાઓ ચોખ્ખા કરવાનું શરૂ કર્યું. નાનકડું ગામ તેમાં વાત વીજળીની જેમ પ્રસરી. ગામડિયાઓ દાક્તર દેવનાં વચનનો અર્થ સમજ્યા. દાક્તર દેવના કાર્યમાં જે બળ હતું તે તેમની સૂચનાઓમાં ન હતું. ગામડિયાઓ પોતે પણ સાફ કરવા નીકળી પડ્યા, અને ત્યારથી ભીતિહરવાના કૂવા અને રસ્તા સુંદર દેખાવા લાગ્યા. કચરાના ઢગલાઓ અલોપ થઈ ગયા. દરમિયાન ઘાસની નિશાળ બાંધવામાં આવી હતી તે કોઈ તોફાનીઓએ બાળી મૂકી. હવે શું કરવું એ ભારે સવાલ થઈ પડ્યો. ફરી પાછી ઘાસની નિશાળ બાંધવી અને બળવાનું જોખમ ખેડવું? શ્રી. સોમણ અને દાક્તર દેવે ઈંટની નિશાળ બાંધવાનો નિશ્ચય કર્યો. હવે તો બન્નેને ભાષણ કરવાની કળા આવડી ગઈ હતી. જોઈતા સામાનની

ભિક્ષા માગી. જરૂર જણાઈ ત્યાં પૈસા પણ આપ્યા અને બંનેએ મજૂરી કરવાનું શરૂ કર્યું. પાકી નિશાળનો પાયો તેઓએ હાથે નાંખ્યો એટલે ગામડિયાઓ પણ આવી પડ્યા, કારીગરો પણ યથાશકિત મદદ કરવા લાગ્યા, અને ભીતિહરવાની નિશાળ આજ પણ એકબે માણસ ધારે તો શું કરી શકે તેની સાક્ષીરૂપે મોજૂદ છે. આ પ્રમાણેનું કાર્ય એક ગામડામાં નહિ પણ જે જે ઠેકાણે નિશાળો સ્થાપવામાં આવી તે તે ઠેકાણે ઓછાવત્તા પ્રમાણમાં થયું હતું, અને શિક્ષકોના કાર્યની આકર્ષણશકિતના પ્રમાણમાં ગામડિયાઓ કામ કરતા થઈ ગયા હતા. આ સેવા કરવામાં ભારે હોશિયારીની જરૂર ન હતી, દિલસોજી અને ખંતની જરૂર હતી. તેની સાથે હોશિયારી, કારીગરી વગેરે બીજેથી મળી રહેતાં હતાં.

ખેડા જિલ્લામાં પાકની આંકણી કાઢવાની હતી. તેમાં બધા ખેડૂતો મદદ ન કરે તો એ કામ થઈ શકે તેવું ન હતું. એક એક ગામડાદીઠ એક એક સ્વયંસેવકે જે ખબરો મેળવવાની હતી તે મેળવી લીધી, એટલું જ નહિ પણ ખેડૂતોનાં મન હરી લીધાં. આવા અનેક દાખલાઓ જુદી જુદી જગાના હું આપી શકું છું.

હવે આપણે ગામડાંને સુવ્યવસ્થિત કરવા ઇચ્છનારે કેમ શરૂ કરવું એ જોઈ શકીએ છીએ. એ પોતે રહેતો હશે તે શેરીને જ પસંદ કરશે. તેમાં વસનારાં બધાંને ઓળખી લેશે. એમના દુઃખમાં જરાયે દેખાવ કર્યા વિના ભાગ લેશે. શેરીની સ્વચ્છતા જાળવવામાં તેઓની મદદ માગશે. પાડોશી હસી કાઢશે, અપમાન પણ કરશે, એ બધું આ સેવક સહન કરશે, અને તેમ છતાં આગળની માફક તેઓના દુઃખમાં ભાગ લેશે અને પોતે એકલો શેરી સ્વચ્છ રાખશે. પોતાની સ્ત્રી, મા, બહેન વગેરે ધીમે ધીમે પોતાના આ કામમાં રોકાશે. પાડોશીઓ મદદ કરે અથવા ન કરે તોપણ શેરી તો હંમેશાં સ્વચ્છ જ રહેશે, અને અનુભવે માલૂમ પડશે કે એમ કરતાં વધુ વખત નહિ દેવો પડે. આખરે પાડોશીઓ પોતે કામ કરતા થઈ જશે અને એક શેરીની સુવાસ આખા ગામડામાં ઊડશે.

જો આવા સેવકને વધારે હોંશ હોય અને પોતે ઠીક ઠીક ભણેલ હોય તો પોતાની શેરીમાં છોકરાંઓને અને મોટાંઓ પણ જે નિરક્ષર હોય તેમને અક્ષરજ્ઞાન આપશે. જો પોતાની શેરીમાં કોઈ માંદાં હોય અને તેઓ વૈદ્યની દવા કરવા અસમર્થ હોય તો તેને સારુ વૈદ્ય શોધી કાઢશે. સારવાર કરનાર કોઈ નહિ હોય

તો પોતે સારવાર કરશે. આટલું કરતાં તેને પ્રત્યેક પાડોશીની આર્થિક અને નૈતિક સ્થિતિનું સરસ જ્ઞાન મળશે. તેટલું જ્ઞાન મળવાથી તેમાં જે સુધારા કરવા ઘટે એ સુધારા કરવાની યોજના આવો સેવક રચશે. અને આવા પ્રકારના સુધારા કરતાં કરતાં તેને પોતાના પાડોશીની અને તેમની મારફતે આખા ગામની રાજ્યપ્રકરણી સ્થિતિનો પણ ખ્યાલ આવશે. અને જો એ ખ્યાલની સાથે તેનામાં લોકોની પાસેથી એકસંપે કામ લેવાની શક્તિ આવે તો લોકોની રાજ્યપ્રકરણી સ્થિતિ પણ સુધારવાને આવો માણસ સમર્થ થશે. આફ્રિકા, ચંપારણ, ખેડા વગેરે પ્રદેશોમાં હું જોઈ શક્યો કે જેને આપણે અભણ માનીએ છીએ તેવા માણસો પોતાની ખંતને અને લોકલાગણીને લીધે આબાદ સેવા કરી શક્યા છે અને જનસમાજ ઉપર અસર પણ પાડી શક્યા છે. જે જે ગામડામાં મેં એક એક પણ ચેતનવાળા પુરુષને કે સ્ત્રીને જોયાં છે તે તે ગામડામાં તેઓને મેં ઘણું સરસ કામ કરતાં પણ જોયેલાં છે.

હવે આપણે સ્વચ્છતા વિષેના અને નૈતિક, શારીરિક અને આર્થિક આરોગ્ય વિષેના કેટલાક નિયમો તપાસીશું. મારી ઉમેદ છે કે જેઓને તે પસંદ પડે તેઓ એ નિયમો પ્રમાણે પોતપોતાના

ગામડામાં કાર્ય કરતા થઈ જશે. અને જો એમ થશે તો આપણે થોડા જ સમયમાં કેટલાંક ગામડાંની સ્થિતિ ઉપર ભારે અસર ઉપજાવી શકીશું.

૪

ખેડૂતોની દશાનો વિચાર કર્યો. ગામડાંઓમાં સ્વચ્છતાના નિયમો નથી જળવાતા એ પણ આપણે જોયું. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ કહેવતમાં ઘણું સત્ય છે. ભારે ઊંચી દશાએ પહોંચેલ સ્ત્રી-પુરુષ ભલે રોગે પીડાતાં હોય, છતાં તે પોતાની દશા સાચવી શકે. પણ આપણે જેઓને હજુ ટોચે ચડવાનું છે તે તો રોગગ્રસ્ત હોઈએ તો ચડતાં હાંફીએ જ.

અંગ્રેજીમાં એક કહેવત છે કે 'ઠંડે પગે કોઈ સ્વર્ગે ન જઈ શકે.' ઇંગ્લંડ જેવા ઠંડા મુલકમાં લોકોના પગ ઠંડા રહે તો અકળામણ થાય. ઈશ્વરને સંભારવાનુંયે ત્યારે ન સૂઝે. કહેવત છે કે 'સ્વચ્છતા એ દૈવી સ્થિતિના જેવી છે.' મેલા રહેવાનું કે મેલા વાતાવરણમાં રહેવાનું આપણને કંઈ કારણ નથી. મેલામાં પવિત્રતા ન હોય. મેલ એ અજ્ઞાનની, આળસની નિશાની છે. એમાંથી ખેડૂતો કેમ નીકળે? આપણે સ્વચ્છતાના નિયમો તપાસીએ.

૧. આપણાં ઘણાં દરદોની ઉત્પત્તિ આપણા પાયખાનામાં અથવા આપણી જંગલ જવાની આદતમાં રહેલી છે. દરેક ઘરમાં પાયખાનાની આવશ્યકતા છે. માત્ર સાજાં ને મોટાં માણસો જ 'જંગલ' જઈ શકે. બીજાંઓને સારુ જો પાયખાનું ન હોય તો તેઓ ફળિયાને, શેરીને કે ઘરને પાયખાનું બનાવી જમીન બગાડે છે ને હવાને ઝેરી કરે છે. તેથી આપણે બે નિયમ ઘડી શકીએ છીએ. જો જંગલ જવું હોય તો ગામથી એક માઈલ દૂર જવું. ત્યાં વસ્તી ન હોવી જોઈએ, માણસોનો પગરવ ન હોવો જોઈએ, જંગલ બેસતી વેળાએ ખાડો ખોદવો જોઈએ, ને ક્રિયા પૂરી કર્યા પછી મેલા ઉપર ખૂબ ધૂળ નાખવી જોઈએ. જેટલી ધૂળ ખોદી કાઢી હોય તેટલી પાછી ઢાંકી દેવાથી મેલું બરોબર દટાઈ જશે. આટલી ઓછામાં ઓછી તસ્દી લઈને આપણે સ્વચ્છતાના મોટા નિયમનું પાલન કરી શકીએ છીએ. સમજુ ખેડૂતો પોતાના ખેતરમાં જ શૌચ કરે ને વગરપૈસે ખાતર ભરે. આ એક નિયમ.

આમ જંગલ જતાં છતાં દરેક ઘરને અંગે પાયખાનું જોઈએ જ. તેને સારુ ડબ્બા વાપરવા જોઈએ. ત્યાં પણ દરેક જણે શૌચ કરી રહ્યા પછી પુષ્કળ માટી નાંખવી જોઈએ કે જેથી ત્યાં દુર્ગંધ

ન આવે, માખી ન બણબણે, કીડા ઉત્પન્ન ન થાય. એ ડબ્બો હમેશાં બરાબર સાફ થવો જ જોઈએ. ડટ્ટણુ જાજરૂ નકામાં છે. પૃથ્વીનું એક ફૂટ લગીનું પડ જંતુઓથી ખદબદતું છે. તેટલા પડમાં જે મેલું આપણે દાટીએ તેનું ખાતર તુરત થઈ જાય છે. બહુ ઊંડે રહેલી માટીમાં એટલા જીવો નથી કે જેઓ મેલાનું ખાતર બનાવી શકે. તેથી ઊંડે દાટેલો મેલ મલિન બાફો પેદા કરી હવાને બગાડે છે. ડબ્બા લોખંડના કે રોગાન ચડાવેલા માટીના હોય તો ચાલે. એમાં પણ પૈસાનું ખર્ચ નથી, માત્ર ઉદ્યમની જરૂર છે. પેશાબ પણ જ્યાંત્યાં ન જ થવો જોઈએ. શેરીઓમાં પેશાબ કરવામાં પાપ સમજવું જોઈએ; તેથી પેશાબ કરવાનાં કૂંડાં હોવાં જોઈએ ને તેમાં પણ માટી પુષ્કળ હોય તો જરાયે દુર્ગંધ ન આવે, છાંટા ન ઊડે, ને એ માટીનું પણ ખાતર બને. આ બીજો નિયમ. દરેક ખેડૂત જો આ નિયમોનું પાલન કરે તો તેના આરોગ્યમાં વૃદ્ધિ થાય, એટલું જ નહિ પણ તે આર્થિક લાભ મેળવે; કેમકે વગર મહેનતે તેને સુવર્ણમય ખાતર મળે.

૨. શેરીઓ વચ્ચે થૂંકાય નહિ, નાક સાફ થાય નહિ. કેટલાકનું થૂંક એટલું ઝેરી હોય છે કે

તેમાંથી જંતુઓ ઊડે છે ને ક્ષય થાય છે. રસ્તા પર થૂંકવું એ કેટલીક જગ્યાએ ગુનો ગણાય છે. પાન જરદો ખાઈને જેઓ થૂંકે છે તેઓ તો બીજાની લાગણીઓનો વિચાર જ નથી કરતા. થૂંક, લીંટ વગેરે ઉપર પણ ધૂળ નાખવી જોઈએ.

૩. પાણીને વિષે બહુ તો અતિશય બેદરકારી રાખે છે. કૂવાતળાવ જેમાંથી પીવા રાંધવાનું પાણી લેવામાં આવે તે સ્વચ્છ જ હોવાં જોઈએ. તેમાં પાંદડાં ન હોવાં જોઈએ. તેમાં નવાય નહિ, તેમાં ઢોરને નવરાવાય નહિ, તેમાં લૂગડાં ન ધોવાય. આમાં પણ થોડી પ્રથમની મહેનતનું જ કામ છે. કૂવો સાફ રાખવો એ તો સહેજ વાત છે. તળાવ સાફ રાખવું તેથી જરા કઠિન છે. પણ લોકો કેળવણી પામે તો સહુ સહેલું છે. બગડેલું, મેલું થએલું પાણી પીતાં રોગ ચડે તો આપણે પાણીની સ્વચ્છતાના નિયમો સહેજે જાળવી શકીએ. પાણી હમેશાં જાડા અને સ્વચ્છ કપડામાં ગાળવું જોઈએ.

એક ડોશી એક મેજ સાફ કરતી હતી. સાબુ-થી ધુએ ને મસોતાથી લૂછે, એટલે મેજ કેમે સાફ થાય જ નહિ. ડોશી સાબુ બદલે, મસોતાં બદલે, પણ મેજ તેવો ને તેવો. કોઈએ કહ્યું, "ડોશીમા, મસોતું બદલી સાફ કપડું લો તો હમણાં મેજ સાફ

થાય." ડોશી સમજ્યાં. તેવી રીતે આપણે મેલા કપડાથી ગાળીએ કે લૂછીએ તેના કરતાં ન જ ગાળીએ તોપણ ચાલે.

શેરીઓમાં કચરો ન જ નંખાય એ નિયમ સમજાવવાનું હોય જ નહિ. કચરાનું પણ શાસ્ત્ર છે. કાચ લોઢું વગેરે ઊંડાં દટાય. છોડિયાં ને દાતણની ચીરો ધોઈ સૂકવાય ને બળતણમાં વપરાય. ચીંથરાં વેચાય. એઠું, શાકનાં છોલાં વગેરે દટાય ને તેનું ખાતર બને. આમ બનેલા ખાતરના મેં ઢગલા જોયેલા છે. ચીંથરાંના કાગળો બને છે. ગામડામાં કચરો ઉપાડી જનાર કોઈ હોવાની જરૂર ન હોવી જોઈએ, કેમ કે કચરો ઘણો ઓછો હોય છે ને તે મુખ્યત્વે ખાતર કરવા જેવો હોય છે.

ગામની કે ઘરોની આસપાસ પાણી ભરાઈ રહે એવાં ખાડાખાબોચિયાં ન જ હોવાં જોઈએ. જ્યાં પાણી ભરાઈ રહેતું ન હોય ત્યાં મચ્છરોની ઉત્પત્તિ ન થાય, જ્યાં મચ્છર ન હોય ત્યાં મલેરિયા ઓછો થાય. દિલ્હીની આસપાસ પાણી ભરાઈ રહેતું તે પુરાઈ ગયા પછી ત્યાં મચ્છરો પ્રમાણમાં ઘટ્યા ને મલેરિયા પણ ઘટ્યો.

ઉપરના સ્વચ્છતાના નિયમોથી આ લેખ શું ચીતર્યો એમ કોઈ નહિ કહે એવી હું ઉમેદ રાખું

છું. આ નિયમોના પાલન પર એકવીસ કરોડ ખેડૂતોના આરોગ્યનો આધાર છે.

જે સ્વયંસેવક પોતાના ગામડામાં આવા નિયમોની કેળવણી ખેડૂતોને આપશે તે પોતાના ગામડાના રહેવાસીઓનો આવરદા વધારશે, રોગો અટકાવવાનો મહાઉપાય યોજશે. સૌથી મુશ્કેલ આ કામ છે, કેમ કે તેના રસ લેનારા થોડા છે. છતાં તે કોઈ દહાડો પણ કર્યે છૂટકો છે. આ ધર્મના પાલનમાં ભૂલને અવકાશ નથી. જેટલો પળાય તેટલું ફળ દેશે. જેને શરૂ કરવું હોય તે કરીને એક વર્ષમાં પોતાના ગામડાની તંદુરસ્તી બદલાવી શકશે.

## ૯

# મંછા ભૂત

ઘણા કાર્યકર્તાઓ ગામડાના જીવનથી એટલા ડરે છે કે એમને બીક લાગે છે કે જો એમને કોઈ સંસ્થા પગાર નહિ આપે તો — ખાસ કરીને તેઓ પરણેલા હોય અને કુટુંબનું પોષણ કરવાનું હોય તો — તેઓ ગામડાંમાં મજૂરી કરીને પોતાની આજીવિકા નહિ મેળવી શકે. હું માનું છું કે આ માન્યતા અવનતિ કરાવનારી છે. હા, જો કોઈ માણસ શહેરી માનસ લઈને ગામડાંમાં જાય અને ગામડાંમાં શહેરી રહેણીથી રહેવા માગે તો, તે શહેરી લોકોની જેમ ગામડાંના રહીશોને ચૂસે તે સિવાય પૂરતી કમાણી નહિ જ કરી શકે. પણ કોઈ માણસ ગામડાંમાં જઈને વસે અને ગામડાંના લોકોની ઢબે જ રહેવાનો પ્રયત્ન કરે તો એને પરસેવો પાડીને આજીવિકા મેળવતાં કશી મુશીબત ન આવવી જોઈએ. તેના મનમાં એટલો વિશ્વાસ હોવો જોઈએ કે જો ગામડાંના લોકો જેઓ આખું વરસ બુદ્ધિ વાપર્યા વિના જૂના જમાનાથી

ચાલતી આવેલી રીતે વૈતરું કરવાને તૈયાર છે તેઓ આજીવિકા મેળવી શકે છે, તો તે પોતે પણ ઓછામાં ઓછી સામાન્ય ગ્રામવાસીના જેટલી કમાણી તો કરી જ શકશે. આટલું તે એક પણ ગ્રામવાસીનો રોટલો છીનવી લીધા વિના કરશે, કેમ કે તે ગામડામાં મફતનું ખાનાર તરીકે નહિ પણ કંઈક પણ ઉત્પન્ન કરનાર તરીકે જશે.

કાર્યકર્તાનું કુટુંબ જો સામાન્ય કદનું હોય તો તેની સ્ત્રી અને બીજું એક માણસ આખો વખત કામ કરનાર હોવાં જોઈએ. આવા કાર્યકર્તામાં તત્કાળ ગ્રામવાસીના જેટલું શરીરબળ નહિ આવી જાય, પણ તે જો માત્ર મનમાંથી સંકોચ અને ભય કાઢી નાંખશે તો શરીરબળના અભાવની ખામીને તે પોતાની બુદ્ધિથી પૂરી કાઢશે. તેનો બધો વખત ગ્રામવાસીઓની સેવામાં રોકાઈ જાય એટલે અંશે તેઓ તેનું કામ વધાવી ન લે તો તે કેવળ તૈયાર માલનો વાપરનાર જ નહિ રહે પણ કંઈક નવી નવી વસ્તુઓ પેદા કરતો હશે. તેનો બધો વખત સેવાકાર્યમાં રોકાઈ જશે ત્યારે તેના પ્રયત્નથી ગ્રામવાસીઓ જે વધારાનું ઉત્પાદન કરશે તેના પર કમિશન મેળવવા જેટલી મહેનત તેણે કરી જ હશે. પણ ગ્રામઉદ્યોગ સંઘના આશ્રય

તો જે થોડાક મહિનાથી ગ્રામસેવાનું કામ ચાલે છે તેટલામાં મળેલો અનુભવ બતાવે છે કે લોકો એ કામને બહુ જ ધીમે ધીમે વધાવી લેશે અને ગ્રામસેવકે ગ્રામવાસીઓની આગળ સદ્ગુણ અને પરિશ્રમના નમૂનારૂપ બનીને રહેવું પડશે. એ તેઓને માટે સારામાં સારો પદાર્થપાઠ થઈ પડશે અને જો ગ્રામસેવક દૂરથી પૂજવાનો આશ્રયદાતા બનીને નહિ પણ ગામડાનો જ માણસ બનીને રહેશે તો એ પદાર્થપાઠની અસર મોડીવહેલી થયા વિના નહિ જ રહે.

તેથી સવાલ એ છે કે ગ્રામસેવક તેણે પસંદ કરેલા ગામડામાં આજીવિકા અપાવે એવું શું કામ કરી શકે? ગ્રામવાસીઓ મદદ કરે કે નહિ તોપણ તે અને તેનાં કુટુંબીઓ ગામડાની સફાઈ કરવામાં કેટલોક વખત આપશે, અને જેટલી દવા વગેરેની મદદ આપવાની તેની શક્તિ હશે એટલી તે આપશે. રેચની દવા કે ક્વિનીન આપવું, ગૂમડું કે ઘા ધોવાં, મેલાં આંખકાન ધોવાં, અને ઘા પર ચોખ્ખો મલમ લગાડવો, એટલું તો કોઈ પણ માણસથી બની શકે એવું છે. ગામડાંમાં દરરોજ થતાં સામાન્ય દરદોમાં સાદામાં સાદા કેવા ઉપચાર કરવા એનું વર્ણન આપતી કોઈ ચોપડી ખોળવા

હું મથી રહ્યો છું. ગમે તેમ હો પણ આ બે વસ્તુઓ ગ્રામસેવાનાં અનિવાર્ય અંગરૂપ હોવી જોઈએ. એમાં ગ્રામસેવકનો રોજના બે કલાકથી વધારે વખત ન જવો જોઈએ. ગ્રામસેવકને માટે આઠ કલાકના કામ જેવી વસ્તુ જ નથી. તેને માટે ગ્રામવાસીને માટે મજૂરી કરવી એ તો પ્રેમને ખાતર કરેલું કામ છે. એટલે આજીવિકાને અર્થે તો તે આ બે કલાક ઉપરાંત ઓછામાં ઓછા આઠ કલાક આપશે જ. એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ચરખા સંઘ અને ગ્રામઉદ્યોગ સંઘે ઘડેલી નવી યોજના પ્રમાણે સર્વ પ્રકારની મજૂરીની ઓછામાં ઓછી અમુક સરખી કિંમત ગણાવાની છે. એટલે એક કલાક પીંજણ ચલાવીને સરેરાશ અમુક પ્રમાણમાં પોલ કાઢનાર પીંજારાને એટલી જ મજૂરી મળશે જેટલી વણકર, કાંતનાર અને કાગદીને તેમનાં દરેકનાં કલાક દીઠ ઠરાવેલા પ્રમાણમાં કરેલાં કામની મળશે. એટલે ગ્રામસેવક જે કામ સહેલાઈથી કરી શકે તે પસંદ કરીને શીખવાની તેને છૂટ છે. માત્ર તેણે હંમેશાં એવું કામ પસંદ કરવાની કાળજી રાખવી જોઈએ કે જેમાંથી પેદા થયેલો માલ તેના ગામડામાં કે આસપાસના ગાળામાં ખપી જાય એવો હોય કે જેની આ સંઘોને જરૂર હોય.

દરેક ગામડામાં એક મોટી જરૂર પ્રામાણિક-પણાથી ચાલતી એક એવી દુકાનની છે કે જ્યાં મૂળ કિંમત અને માફકસરનું કમિશન ચડાવીને ભેગ વિનાની ખોરાકની અને બીજી ચીજો મળી શકે. કોઈ પણ દુકાન ગમે એટલી નાની હોય તોયે તેને માટે કંઈક મૂડીની જરૂર તો પડે જ છે એ વાત સાચી. પણ જે ગ્રામસેવક તેના કાર્યક્ષેત્રમાં જરા પણ જાણીતો થયો હોય તેણે પોતાની પ્રામાણિકતા વિષે લોકોનો એટલો વિશ્વાસ તો સંપાદન કર્યો જ હોવો જોઈએ કે થોડો થોડો જથાબંધ માલ તેને ઉધાર મળી શકે.

આ કામ વિષેની સૂચનાઓને હું બહુ વધારે નહિ લંબાવું. અવલોકન કરવાની ટેવવાળો સેવક હંમેશાં અગત્યની શોધખોળ કર્યા કરશે, અને થોડા જ વખતમાં જાણી લેશે કે આજીવિકા મેળવવા માટે પોતાનાથી થઈ શકે એવી કઈ મજૂરી છે જે સાથે સાથે જે ગ્રામવાસીઓની તેને સેવા કરવાની છે તેમને પદાર્થપાઠરૂપ પણ થઈ પડે. તેથી તેણે એવી જાતની મજૂરી પસંદ કરવી પડશે જેનાથી ગામડાંના લોકોનું શોષણ ન થાય, તેમનાં આરોગ્ય કે નીતિ બગડે નહિ, પણ જેનાથી ગ્રામવાસીઓને એવું શિક્ષણ મળે કે તેઓ ફુરસદના વખતનો

સદુપયોગ થાય એવા ઉદ્યોગો ઉપાડી લે અને એમની નાનકડી આવકમાં વધારો કરે. અવલોકન કરતાં કરતાં તેનું ધ્યાન ગામડામાં નકામી પડી રહેલી ચીજો—ઘાસપાલો અને ગામડાંમાં જમીન પર પડી રહેલી કુદરતી ચીજો—સુધ્ધાં તરફ ગયા વિના નહિ રહે. તે તરત જ જોશે કે એમાંથી ઘણી ચીજોનો સારો ઉપયોગ થઈ શકે એમ છે. તે જો ખાઈ શકાય એવો પાલો ઉપાડી લે તો એ તેના ખોરાકનો અમુક ભાગ કમાઈ લીધા બરાબર ગણાશે. મીરાંબહેને મને સુંદર આરસના જેવા કાંકરાનું એક સંગ્રહાલય આપ્યું છે. એ કાંકરા જેવા છે એવા પણ અનેક કામમાં આવે છે, અને જો મારી પાસે ફુરસદ હોય અને એના વિવિધ આકારો ઘડવાને સાદાં ઓજારો ખરીદવામાં હું થોડાક પૈસા રોકું તો તેને થોડા વખતમાં બજારમાં વેચાઈ શકે એવા બનાવી દઉં. કાકાસાહેબને વાંસનો નકામો પડેલો છોલ આપવામાં આવેલો હતો. એનો ઈંધણ તરીકે જ ઉપયોગ થવાનો હતો. પણ કાકાસાહેબે તો સાદા ચપ્પુથી ઘડી ઘડીને કેટલાકની કાગળ કાપવાની છરી બનાવી અને કેટલાકના ચમચા બનાવ્યા. આ બન્ને વસ્તુઓ મર્યાદિત પ્રમાણમાં બજારમાં વેચાઈ શકે

એવી છે. મગનવાડીમાં કેટલાક સેવકો ફુરસદનો વખત નકામા પણ એક બાજુ કોરા કાગળમાંથી પરબીડિયાં બનાવવામાં ગાળે છે.

ખરી વાત એ છે કે ગામડાંના લોકો છેક જ હતાશ થઈ ગયેલા છે. તેમને શંકા આવે છે કે દરેક અજાણ્યો માણસ તેમનાં ગળાં રહેંસવા માગે છે ને તેમને ચૂસવા સારુ જ તેમની પાસે જાય છે. બુદ્ધિ અને શરીરશ્રમનો સંબંધ ટૂટી જવાને લીધે એમની વિચાર કરવાની શક્તિ બહેર મારી ગઈ છે. એમના કામના કલાકોનો તેઓ સારામાં સારો ઉપયોગ કરતા નથી. એવાં ગામડાંમાં ગ્રામસેવકે પ્રેમ અને આશા લઈને પ્રવેશ કરવો જોઈએ, અને મનમાં દઢ પ્રતીતિ રાખવી જોઈએ કે જ્યાં સ્ત્રીપુરુષો બુદ્ધિ વાપર્યા વિના વૈતરું કરે છે અને અડધું વરસ બેકાર બેસી રહે છે ત્યાં પોતે આખું વરસ કામ કરતાં અને બુદ્ધિની સાથે શ્રમનો સંયોગ કરતાં ગ્રામવાસીઓનો વિશ્વાસ સંપાદન કર્યા વિના અને તેમની વચ્ચે રહીને મજૂરી કરતાં પ્રામાણિકપણે ને સારી રીતે આજીવિકા મેળવ્યા વિના નહિ રહે.

પણ ગ્રામસેવાનો ઉમેદવાર કહે છે, 'મારાં છોકરાં અને તેમની કેળવણીનું શું?' જો એ છોકરાંને આધુનિક પદ્ધતિએ શિક્ષણ આપવાનું હોય

તો મારાથી કંઈ રસ્તો બતાવાય એમ નથી. એમને નીરોગી, કદાવર, પ્રામાણિક, બુદ્ધિશાળી, અને તેમના માતાપિતાએ સ્વીકારેલા નિવાસસ્થાનમાં ગમે ત્યારે આજીવિકા મેળવવાને શક્તિમાન એવાં ગ્રામવાસીઓ બનાવવાં હોય, તો તેમને માતાપિતાના ઘરમાં જ સર્વાંગીણ કેળવણી મળશે. વધારામાં તેઓ સમજણાં થાય અને પદ્ધતિસર હાથપગ વાપરતાં થાય ત્યારથી કુટુંબની કમાણીમાં કંઈક ઉમેરો કરવા લાગશે. સુઘડ ઘરના જેવી કોઈ નિશાળ નથી, અને પ્રામાણિક સદ્ગુણી માતાપિતાની બરોબરી કરી શકે એવો કોઈ શિક્ષક નથી. આજનું હાઇસ્કૂલનું શિક્ષણ ગ્રામવાસીઓ પર મોટા બોજારૂપ છે. એમનાં બાળકોને એ કદી મળી શકવાનું નથી, અને ઈશ્વર-કૃપાએ જો એમને સુઘડ ઘરની તાલીમ મળી હશે તો એ શિક્ષણની ખોટ તેમને કદી સાલવાની નથી. ગ્રામસેવક કે સેવિકામાં સુઘડતા ન હોય, સુઘડ ઘર ચલાવવાની શક્તિ ન હોય તો તે ગ્રામસેવાનું સદ્ભાગ્ય કે માન મેળવવાનો લોભ ન રાખે એ જ સારું છે.

૯

# ગ્રામસેવકના પ્રશ્નો

એક ગ્રામસેવક લખે છે:

"૧. હું સો ઘરના નાના ગામડામાં કામ કરું છું. આપે કહ્યું છે કે સેવકોએ દવા આપતા પહેલાં સફાઈ પર ધ્યાન આપવું જોઈએ. પણ તાવે પીડાતો ગામડાનો માણસ સેવકની પાસે મદદ માગવા આવે ત્યારે તેણે શું કરવું? અત્યાર સુધી હું એમને ગામડાના બજારમાં મળતી દેશી ઔષધિઓ વાપરવાની સલાહ આપતો આવ્યો છું.

૨. વરસાદમાં મળની શી વ્યવસ્થા કરવી?

૩. મળનો ઉપયોગ બધી જાતના પાક માટે થઈ શકે?

૪. ખાંડને બદલે ગોળ ખાવાથી શો ફાયદો થાય?"

૧. જ્યાં તાવ, કબજિયાત કે એવા સામાન્ય રોગોના દર્દી ગ્રામસેવકોની પાસે આવે ત્યાં તેમણે બની શકે તો દવા આપવી જ પડશે. જ્યાં રોગના નિદાન વિષે ખાતરી હોય ત્યાં ગામડાના બજારની દવા સહુથી સસ્તી ને સારી છે એ વિષે કશી શંકા નથી. જો દવાઓ પાસે રાખવી જ પડે તો

એરંડિયું, ક્વિનીન અને ઊકળતું પાણી એ સારામાં સારી દવાઓ છે. એરંડિયું તો ગામડામાં મળી શકે. સોનામુખીનાં પાંદડાં પણ ચાલી શકે. ક્વિનીનનો ઉપયોગ હું ઓછો કરું. દરેક તાવ પર ક્વિનીનના ઉપચારની જરૂર હોતી નથી. દરેક તાવ ક્વિનીનથી જતો પણ નથી. ઘણાખરા તાવ ઉપવાસ કે અર્ધા ઉપવાસથી મટી જશે. અનાજ અને દૂધ છોડવાં અને ફળના રસ કે દ્રાક્ષનું ઊકળતું પાણી, અથવા તાજા લિંબુના રસ કે આમલીની સાથે ગોળનું ઊકળતું પાણી લેવું, એ અર્ધો ઉપવાસ છે. ઊકળતું પાણી એ બહુ જ જલદ ઓસડ છે. એનાથી ઘણું કરીને દસ્ત ઊતરશે. એનાથી પરસેવો થશે ને તેથી તાવ ઓછો થશે. એ સૌથી સુરક્ષિત અને સોંઘામાં સોંઘી ચેપ અટકાવનારી વસ્તુ છે. ઊકળતું પાણી પીવાની જરૂર પડે ત્યાં એને નવશેકું થાય ત્યાં સુધી ઠરવા દેવું જોઈએ. ઉકાળવું એનો અર્થ એ નથી કે ફક્ત ગરમ કરવું. પાણી ઊકળવા માંડે એટલે તેના પર પરપોટા આવવા માંડે છે ને વરાળ નીકળવા લાગે છે.

જ્યાં સેવકોને શું કરવું તેની ખાતરી ન હોય ત્યાં તેમણે ગામના વૈદને તેના ઉપચાર છૂટથી અજમાવવા દેવા જોઈએ. જ્યાં વૈદ ન હોય કે વિશ્વાસપાત્ર

ન હોય અને સેવકો નજીકના કોઈ પરગજુ ડાકટરને ઓળખતા હોય ત્યાં તેઓ તેની મદદ માગે.

પણ તેઓ જોશે કે રોગને મટાડવાનો સૌથી અસરકારક ઇલાજ ાઈ કરવામાં રહેલો છે. તેઓ યાદ રાખે કુદરત એ સારામાં સારો વૈદ છે. તેઓ ખાતરી રાખે કે માણસે જે બગાડયું હોય તેને કુદરત સમારી રહી છે. માણસં જ્યારે એના કામમાં સતત વિઘ્ન નાખ્યાં કરે ત્યારે તે નિરુપાય થઈ જતી લાગે છે. પછી તે મૃત્યુને મોકલે છે — કેમ કે જે વસ્તુ સમારી શકાય એવી રહીજ ન હોય તેનો નાશ કરવા માટે મૃત્યુ એ કુદરતનો છેવટનો ને શીઘ્રવેગી દૂત છે — અને મનુષ્યને નવા દેહરૂપી વસ્ત્ર આપે છે. તેથી દરેક માણસને ખબર હોય કે ન હોય, પણ સફાઈનું કામ કરનાર સેવકો એ તેના સારામાં સારા વૈદના સારામાં સારા મદદગાર છે.

૨. વરસાદના દિવસોમાં પણ જ્યાં માણસનો અવરજવર ન હોય એવી જગાએ ગ્રામવાસીઓએ શૌચક્રિયા કરવી જોઈએ. મળને જમીનમાં દાટવા જોઈએ. ગામડાના લોકોને જે ખોટી તાલીમ મળેલી છે તેને લીધે મળ દાટવાનો પ્રશ્ન અતિશય વસમો થઈ પડેલો છે. સિંદી ગામમાં અમે

ગ્રામવાસીઓને સમજાવવાને મથી રહ્યા છીએ કે તેમણે રસ્તાનો ઉપયોગ શૌચક્રિયા માટે ન કરવો, પાસેનાં ખેતરમાં જવું, અને શૌચક્રિયા કર્યા પછી મળ પર સૂકી સ્વચ્છ માટી નાખવી. બે મહિનાના સતત પરિશ્રમ પછી અને મ્યુનિસિપાલિટીના સભ્યો અને બીજાઓના સહકાર પછી એ લોકોએ સામાન્ય રીતે રસ્તા બગાડવાનું બંધ કરવા જેટલી ભલાઈ બતાવી છે. જે ખેતરના માલિકોએ આને માટે પોતાનાં ખેતર વાપરવાની છૂટ આપી છે તે ખેતરોમાં આ લોકો જાય છે. પણ લોકો હજુ પોતાના જ મળ પર માટી નાખવાની હઠપૂર્વક ના પાડે છે. તેઓ કહે છે, 'એ તો ભંગીનું કામ રહ્યું. મળ સામે જોવું એ જ પાપ, તો પછી એના પર માટી તો કેમ જ નંખાય?' એમને આ જાતનું શિક્ષણ આપવામાં આવ્યું છે તેથી તેઓ આમ માને છે. એટલે ગ્રામસેવકોને કોરી પાટી પર અક્ષર લખવાના નથી. પાટી પર પોલાદનાં ટાંકણાંથી જે લેખ લખેલા છે તે તેમણે ભૂંસી કાઢવાના છે. પણ હું જાણું છું કે જો આપણને આપણા કાર્યક્રમ વિષે શ્રદ્ધા હશે, જો આપણામાં સફાઈના પ્રાતઃકાર્યમાં મંડ્યા રહેવા જેટલી ધીરજ હશે; અને એથીયે વધારે તો, જો

આપણે ગામવાસીઓ સામે ચિડાઈશું નહિ તો તેમના વહેમ સૂર્યકિરણ આગળ ધૂમસ ઓસરી જાય તેમ ઓસરી જશે. જમાનાઓથી જામેલું અજ્ઞાન થોડાક મહિનાના પદાર્થપાઠથી ન નીકળી જાય.

સિંદીમાં અમે ચોમાસાને માટે તૈયારી કરી રહ્યા છીએ. ખેતરના માલિકોએ પોતાના પાકને તો સાચવવા જ રહ્યા. તેથી અત્યારે જેમ ઘણા માલિકો લોકોને છૂટથી ખેતરમાં જવા દે છે તેમ ચોમાસે નહિ જવા દઈ શકે. અમે એમને સૂચના કરી છે કે તેઓ ખેતરની હદથી થોડાક ફૂટ અંદર વાડ બાંધે, ને હદનાં નિશાન જેમનાં તેમ રહેવા દે. તેઓ જે થોડાક ફૂટ છોડી દેશે તે ચોમાસાની આખર સુધીમાં ખેતરની સુંદર ખાતરથી ભરેલી પટીઓ બની જશે. એવો વખત આવતો જાય છે જ્યારે ખેતરના માલિકો લોકોને શૌચક્રિયા માટે ખેતર વાપરવાને નોતરશે. જો ડૉ. ફાઉલરની ગણતરી સાચી માનીએ તો કોઈ પણ ખેતરનો શૌચક્રિયા માટે ઉપયોગ કરનાર દરેક માણસ વરસમાં બે રૂપિયાની કિંમતનું ખાતર ખેતરમાં મૂકી જાય છે. આ આંકડાની ચોકસાઈ વિષે કદાચ કોઈ શંકા ઉઠાવે. ખેતરમાં મળ દટાવાથી જમીનને લાભ થાય છે એ વાત તો નિર્વિવાદ છે.

૩. કોઈએ એમ તો કહ્યું જ નથી કે પાકમાં મળને સીધાજ ખાતર તરીકે નાંખવો. કહેવાનો આશય એ છે કે જમીનમાં મળનો ઉમેરો થવાથી અમુક સમય પછી જમીન સમૃદ્ધ બને છે. મળ જમીનમાં દટાય તે પછી તેમાં અમુક ફેરફાર થવા જોઈએ. તે પછી જ જમીન ખેડવા ને વાવવા માટે યોગ્ય બને. આને માટેની કસોટી અચૂક છે. જે જગાએ મળ દાટ્યો હોય ત્યાં અમુક મુદત પછી જમીનને ખોદી જોવી. જો જમીન સુગંધીદાર થઈ ગઈ હોય ને બદબો ન છૂટતી હોય, ને મળની જરાયે નિશાની ન રહી હોય તો જમીન વાવણી માટે તૈયાર થઈ ગણાય. મેં ગયા ત્રીસ વરસથી આ રીતે સર્વ પ્રકારના પાક માટે મળનો ઉપયોગ કરીને ઘણોજ લાભ મેળવ્યો છે.

૪. નિષ્ણાતો એક અવાજે કહે છે કે ખાંડ કરતાં ગોળ વધારે પોષણ આપે છે, કેમ કે તેમાં જે ક્ષાર અને વિટામીન છે તે ખાંડમાં નથી. જેમ મેદા આગળ આખા ઘઉંનો લોટ, કે છડેલા ચોખા આગળ અણછડ ચોખા, તેમ જ લગભગ ખાંડ આગળ ગોળ છે.

૨૨૦૫
મુંબઈ-૧

[illegible]